જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૯-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મોદીએ વાયુસેનાના ૩૦ હજાર કરોડ લુંટીને અનિલ અંબાણીને આપ્યા: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

રાફેલ વિમાનોની ડીલમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વધુ એક વખત મોદી સરકાર પર આરોપ લગાવ્યા છે. આજે એક પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ એક અંગ્રેજી અખબારમાં છપાયેલા અહેવાલનો હવાલો આપીને કહ્યુ હતુ કે આ ડીલમાં પીએમ મોદીનો સીધો હાથ હતો. વાડ્રા અને પી ચિદમ્બરમ સામે મોદી સરકાર જોઈએ તેટલી તપાસ કરાવી લે પણ કમસેકમ રાફેલ પર પણ તો તપાસ કરો.

ઉલ્લેખનીય છે કે આજે એક અંગ્રેજી અખબારે પ્રકાશિત કરેલા અહેવાલમાં દાવો કર્યો છેકે ભારત અને

વાડરા, ચિદમ્બરમ સામે કાયદાનો ઉપયોગ કરો, પરંતુ રાફેલ મામલે સરકાર જવાબ આપે,સુપ્રીમ કોર્ટમાં મોદી સરકાર જૂઠું બોલી,પીએમ મોદીની રાફેલ સોદામાં સીધી સંડોવણી,ચોકીદાર ચોર છે,રક્ષામંત્રી-વડાપ્રધાન રાફેલ પર જૂઠ્ઠુ બોલ્યા

ફ્રાંસ વચ્ચે વિમાનોની ડીલમાં રક્ષા મંત્રાલય દ્વારા પીએમઓ દ્વારા ફ્રાંસ સાથે થઈ રહેલી અલાયદી વાતચીતનો વિરોધ કર્યો હતો. રાહુલ ગાંધીએ આ સંદર્ભમાં રક્ષા મંત્રાલયની એક નોંધ પણ બતાવીને હુમલો કર્યો હતો.

રાહુલે કહ્યુ હતુ કે અમે એક વર્ષથી કહી રહ્યા છેકે રાફેલ ગોટાળામાં પીએણ મોદી સામેલ છે.આજે એક અખબારે પણ લખ્યુ છે કે વડાપ્રધાનની વાતચીતમાં સીધી ભૂમિકા હતી. હું દેશની



ભારત-ફ્રાંસ વચ્ચે વિમાનોની ડીલમાં રક્ષા મંત્રાલય દ્વારા પીએમઓને ફ્રાંસ સાથે થઈ રહેલી અલાયદી વાતચીતનો વિરોધ કર્યો હતો,ફ્રાંસના પૂર્વ રાષ્ટ્રપતિ ઓલાંદે કહ્યુ હતુ કે મોદીજીની સીધી સૂચના હતી કે અનિલ અંબાણીને કોન્ટ્રાક્ટ મળવો જોઈએ: રાહુલ ગાંધી

સેનાના જવાનોને કહેવા માંગુ છું કે તમે અમારી રક્ષા કરો છે અને અમારા માટે જીવ આપો છો ત્યારે દેશના વડાપ્રધાને ૩૦૦૦૦ કરોડ રૂપિયાનો ગોટાળો કર્યો છે અને આ રકમ પોતાના મિત્ર અનિલ અંબાણીના ગજવામાં નાંખી છે. રાહુલે કહ્યુ હતું કે વડાપ્રધાન અને રક્ષામંત્રી સતત આ મુદ્દે જુઠ્ઠુ બોલીને દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે.કારણકે ફ્રાંસના પૂર્વ રાષ્ટ્રપતિ ઓલાંદે કહ્યુ હતુ કે મોદીજીની સીધી સૂચના હતી કે અનિલ અંબાણીને કોન્ટ્રાક્ટ મળવો જોઈએ. બીજી તરફ ડિફેન્સ મિનિસ્ટ્રીએ પણ તાકીદ કરી હતી કે પીએમઓની દખલગીરીના કારણે રાફેલ ડીલ પ્રભાવિત થઈ શકે છે.આમ છતા તેમાં પીએમે હસ્તક્ષેપ કર્યો હતો.અંબાણી માટે મોદીએ પોતે વાટાઘાટો કરી હતી.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યુ હતુ કે મને લાગે છે કે પીએમ મોદી બેવડા વ્યક્તિત્વ એટલે કે ડ્યુલ પર્સનાલિટીનો શિકાર છે.તેમને સીજો ફેનિયાની બીમારી છે.તેઓ એક સમયે ચોર અને બીજા સમયે ચોકીદાર બની જાય છે.તેઓ પોતાને ચોર અને ચોકીદાર બંને ગણાવી રહ્યા છે.

કોંગ્રેસ વિદેશી શક્તિઓના હાથની કઠપુતળી, નથી ઈચ્છતી કે વાયુ સેના મજબુત બને: રક્ષામંત્રી

રાફેલ મામલે હવે ફરી એકવાર વિવાદ છેડાયો છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એક સમાચાર પત્રના રિપોર્ટ મારફતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે તો સંરક્ષણમંત્રી નિર્મલા સિતારમણે આ રિપોર્ટ પર જ સવાલ ખડા કર્યા છે અને કહ્યું છે કે, સમાચાર પત્રએ એકતરફી રિપોર્ટિંગ કર્યું છે. સંરક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, સમાચાર પત્રએ પુરી હકીકત નથી વર્ણવી. તેમાં તત્કાલીન સંરક્ષણમંત્રી મનોહર પર્રિકરનો જવાબ જ નથી છાપવામાં આવ્યો. આજે સવારે જ કોંગ્રેસે આ અહેવાલને ટાંકીને કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતાં, ત્યાર બાદ ભાજપે પણ આ મામલે વળતો પ્રહાર કર્યો હતો. સાથે જ નિર્મલા સિતારમણે કોંગ્રેસને સણસણતો જવાબ આપતા કહ્યું હતું કે, કોંગ્રેસ વિદેશી તાકાતોના હાથમાં રમી રહી છે. જે દેશને નુંકશાન પહોંચાડી રહી છે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, મેં સદનમાં આપેલા જવાબમાં તમામ બાબતો સ્પષ્ટ કરી છે. ડીલ પર પીએમઓના ઈનકવાયરીને મામલામાં હસ્તક્ષેપ ના કહી શકાય.

૩૨ વર્ષ પછી રાહુલ ગાંધી પિતાના રસ્તા પર ચાલી રહ્યા છે: જેટલી

ન્યુ દિલ્હી

દિલ્હીમાં યોજાયેલા કોંગ્રેસનાં અલ્પસંખ્યક સંમેલનમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ટ્રીપલ તલાક કાનૂન ખત્મ કરવાની જાહેરાત કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, જો ૨૦૧૯માં કોંગ્રેસ સત્તા પર આવશે તો તીન તલાક કાયદો નાબૂદ કરશે. જો કે આ મામલે કેન્દ્રિય નાંણાં પ્રધાન અરૂણ જેટલીએ રાહુલ પર પ્રહારો કર્યા છે. એક બ્લોગમાં જેટલીએ લખ્યું છે કે, બરેલીની તીન તલાકની ઘટના વિશે ખબર પડશે તો તમારો આત્મા રડી પડશે. આવા સમયે રાહુલ ગાંધીએ ટ્રીપલ તલાક વિધેયકનું સમર્થન કરવાને બદલે તીન તલાક કાયદો નાબૂદ કરવાની જાહેરાત કરી છે. જે ખુબ દુર્ભાગ્યપુર્ણ છે. જેટલીએ પોતાનાં બ્લોગમાં લખ્યું છે કે, ઈતિહાસ પોતાનું પુનરાવર્તન કરે છે. રાજીવ ગાંધીએ શાહ બાનો કેસમાં સુપ્રિમ કોર્ટનાં નિર્ણયને બલદી નાંખ્યો. જેનાંથી દેશની લાખો મુસ્લિમ મહિલાઓને રાહત મળવાની શક્યતા હતી. હવે ૩૨ વર્ષ પછી તેમનાં દિકરા રાહુલ ગાંધી પણ પિતાનાં નક્શે કદમ પર ચાલી રહ્યા છે. રાહુલ ગાંધીએ એવા પગલા ભરવાની જાહેરાત કરી છે. જેનાથી મુસ્લિમ મહિલાઓ પોતાનાં અધિકારોથી વંચિત રહેશે. બરેલીમાં થયેલા નિકાહ હલાલાનો હવાલો આપતા જેટલીએ કહ્યું છે કે, બરેલીની ઘટના આપણાં બધા માટે કલંક છે. વર્ષ ૨૦૦૯માં બરેલીમાં એક મહિલાનાં નિકાહ થયા હતા. તીન તલાકનો સહારે લઈને બે વખત તેને તલાક આપવામાં આવ્યા. પહેલી વખત ૨૦૧૧માં અને ત્યારબાદ ૨૦૧૭માં ટ્રીપલ તલાકની ઘટના બની. તેમજ આ બન્ને વખત તે મહિલાએ નિકાહ હલાલાનું પાલન કરવા માટે પહેલી વખત તેનાં સસરા સાથે અને બીજી વખત તેનાં દિયર સાથે નિકાહ હલાલા કરીને શારિરીક સંબંધ બાંધવા પડ્યા.


વડાપ્રધાને છત્તીસગઢમાં લોકસભા ચૂંટણી પહેલા જનસભાને સંબોધી

કોંગ્રેસનો નામદાર પરિવાર જામીન કે આગોતરા પર જીવે છે: મોદી

રાયપુર

છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર બાદ પહેલીવાર રાજ્યના પ્રવાસે ગયેલા વડાપ્રધાનને પહેલીવાર વિરોધપક્ષો પર આકરા પ્રહારો કર્યા હતાં. લોકસભાની ચૂંટણી પહેલા એકજુથ થયેલા વિરોધ પક્ષને 'મહામિલાવટ' ગણાવ્યું છે અને કહ્યું છે કે, તેમાં એન્ટ્રી મેળવવા માટેની માત્ર એક જ લાયકાત છે કે મોદીને કોણ કેટલી ગાળો આપે છે. તેમણે રાજ્ય સરકાર પર પણ જનતા વિરોધી નિર્ણય લેવાના અને ભ્રષ્ટાચારને છુપાવવાના આરોપો લગાવ્યા.

વડાપ્રધાને કોંગ્રેસ પર વચેટિયાઓ અને દલાલો સાથે મિલીભગતનો આરોપ



લગાવ્યો હતો અને કહ્યું હતું કે, 'મામા-કાકા'ને ભારત લાવીને તપાસ એજંસીઓના હવાલે કરવામાં આવી રહ્યાં છે, માટે તેઓ હચમચી ગયા છે અને આવા લોકો સાથે મિલાવટ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ પક્ષો વચ્ચે રીતસરની હરીફાઈ જામી છે કે મોદીને કોણ વધુમાં વધુ ગાળો આપી પોતાના આંકડા વધારે મજબુત બનાવે છે. મહામિલાવટમાં એન્ટ્રી મેળવવાની એક જ યોગ્યતા છે કે જે મોદીને વધારેમાં વધારે ગાળો આપે તેને પહેલા એન્ટ્રી મળી જાય છે. તેમણે કહ્યું હતું કે, વિપક્ષ પાસે કોઈ મુદ્દો જ નથી અને તેઓ રાત-દિવસ મોદી-મોદીના ગાણા ગાયે રાખે છે. ભ્રષ્ટાચારમાં ઘેરાયેલા લોકોની કોઈ જ વિચારધારા નથી. તેમની રાજનીતિ એ જ છે કે, પોતે પણ ભ્રષ્ટાચાર કરો અનેવ કરનારાઓને સંરક્ષણ પુરૂ પાડો, ભલે ગમે તેટ્લી મિલાવટ કરી લે પણ ચોકીદાર ચુપ નહીં બેસે. તેમણે રાજ્ય સરકાર પર આરોપ લગાવ્યો હતો કે, કૌભાંડના પરિણામો છે કે સીબીઆઈની તપાસમાં રોડા ઉભા કરવામાં આવે છે. તેઓ અત્યારથી જ પોતાના ભ્રષ્ટાચાર છુપાવવામાં લાગી ગયા છે. આ લોકોને દિલ્હીથી વિરસતમાં આ જ સંસ્કાર મળ્યા છે. આગામી ચૂંટણીમાં છત્તીસગઢને એટીએમ બનાવવાનું છે, સીબીઆઈ બેસસે તો એટીએમ કેવી રીતે બનશે.

રાહુલ ગાંધીએ સ્વીકાર્યું જૂઠ?,પરિકર સાથે રાફેલ ડીલ પર કોઈ વાત નહોતી થઈ!

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાફેલ ડીલ પર મોદી સરકાર પર નવેસરથી આરોપ મુકવાની સાથ સાથે સ્વીકાર્યું હતુ કે તાજેતરમાં ગોવાના મુખ્યમંત્રી મનોહર પરિકર સાથે થયેલી મુલાકાત દરમિયાન રાફેલ સોદા પર કોઈ વાત થઈ નહોતી. આમ રાહુલ ગાંધીએ પોતે જુઠ્ઠાણુ ચલાવ્યુ હોવાની આડકતરી રીતે સ્વીકાર્યું છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત રૂપિયા ૫૧૦૦/- (+ટેક્સ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

આપના બંધ પડેલ જીપીએસ ફક્ત ૫૦૦ રૂપિયામાં ચાલુ કરી આપવામાં આવશે.

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : ૭૫૭૫૦૦૬૮૪૭

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિકાસ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, ગ્રોસરીગારી, વિજળીત ટુકુંદ પ્રવાહને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંકવામાં ભયાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીના દરમિયાનની બાકીના રૂપિયા કામ મુજબ વખોત આપવામાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજુ શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકલ્યુ કમ્મ મેળવી લાખના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૫૫૦/- (ત્રણ મોડની ચુકવી) આપનો કોડ એક વર્ષ સુધી ફ્રીમુ કરી શકશો. જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ત્રણ મોડની ચુકવી) આપનો કોડ ફ્રીજ ત્રણ વર્ષ માટે ફ્રીમુ કરી શકશો.

સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ ફ્રીમુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

૩૦માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત ભુજ આરટીઓ કચેરી ખાતે સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયુ



એક સપ્તાહમાં અલગ-અલગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.જેમાં આજરોજ સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ભુજ કચ્છ:૩૦માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અનુસંધાને આજરોજ તા.૦૮/૦૨/૨૦૧૯ ના રોજ ભુજ આર.ટી.ઓ. કચેરી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યું હતું.જેમાં ૭૫ જેટલા લોકોએ બ્લડ ડોનેટ કરી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં ભુજ આર.ટી.ઓ. કચેરીના અધિકારી દીલીપ યાદવ તથા રેડક્રોસના ડો.દિપ સોમપુરા, મિરાબેન સાવલીયા,ભુજ જી.કે. બ્લડ બેંકના નિકેશભાઈ પોકાર વગેરે જોડાયા હતા.આજરોજ દીપ પ્રાગટય કાર્યક્રમમાં દાતા પરિવાર પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ભુજના મેઘજી કુંવરજી ઉપસ્થિત રહ્યા હતાં.જિલ્લા ટ્રાફિકના પી.આઈ. જાડેજા તથા ચેતનભાઈ દાફડા,મોટરીંગ પબ્લીકના ઉમરભાઈ સમા,કચ્છ શ્રમજીવી વિકાસ સમિતિના નુરભાઈ સમા,કચ્છ કલાપી ન્યુઝના તંત્રી વિમલભાઈ સોની વગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ બ્લડ ડોનેશનમાં પોલીસ વિભાગના સદસ્યો,રેડક્રેસના સદસ્યો,સિવીલીયન અને આર.ટી.ઓ.માં આવેલ અરજદારો,ઈન્જિનીયરીંગ કોલેઝના વિધાર્થીઓ, વિકલાંગ સદસ્યો, રીટાયર્ડ કર્મચારીઓ વગેરેએ આ કાર્યક્રમમાં સહભાગી બનીને બ્લડ ડોનેશન કેમ્પ સફળ બનાવ્યું હતું.

ભાજપાનું દિલ વિશાળ, આયારામ-ગયારામ તો ચાલતું જ રહેઃ નારણ પટેલ

ઊંઝા

ઊંઝાનાં ધારાસભ્ય તરીકે જ્યારથી ડો. આશાબેન પટેલે રાજીનામું આપ્યું છે ત્યારથી સમાચારો આવી રહ્યાં હતાં કે ભાજપનાં પૂર્વ મંત્રી નારણ પટેલ નારાજ છે. નારણભાઈ પટેલે આશા પટેલને ભાજપમાં લેવા સામે વાંધો ઉઠાવ્યાની પણ ચર્ચાઓ થઈ રહી હતી.એટલું જ નહીં, તેવી પણ ચર્ચાઓ હતી કે કમલમમાં મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખને મળી એવી રજૂઆત કરાઈ હતી જો આશા પટેલના અંગત વ્યક્તિને ઉંઝા એપીએમસીનુ ચેરમેનપદ અપાશે તો,બળવો થશે. આ બધાની વચ્ચે શુક્રવારે આશાબહેન પટેલ ભાજપમાં જોડાઈ ગયા.

આ આખા વિવાદ વચ્ચે અમારી ટીમે ઊંઝાનાં પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલ સાથે વાતચીત થઈ હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'ભારતીય જનતા પાર્ટીનું વિશાળ દિલ છે. આયારામ ગયારામ તો ચાલતું જ રહે, જેમ દરિયામાં બધી નદીઓનાં પાણી આવે છે અને દરિયો બધાને સમાવી લે છે તેમ ભારતીય જનતા પાર્ટી દરિયો છે. દુનિયાની મોટામાં મોટી કેડર પાર્ટી છે, અમારી સાથે જે આવે છે તેમનો અમે દિલથી સ્વીકારીએ છીએ.'

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આશા પટેલનાં ભાજપમાં જોડાવવાથી તમે નારાજ છો તેમને તેવું પૂછતાં તેમણે કહ્યું, 'હું કેમ નારાજ હોવ, મેં આશાબેન પટેલ વિરુદ્ધ કોઈ ફરિયાદ નથી કરી. પાર્ટીમાં ૫૬ વર્ષથી હું છું અને કામ કરૂં છું. પાર્ટીનાં નાનામાં નાના નેતાથી પીએમ સુધી મારા સંબંધો સારા છે.'

૩૦માં રાષ્ટ્રીય માર્ગ સલામતિ સપ્તાહ અંતર્ગત મોડાસા આરટીઓ કચેરી ખાતે રક્તદાન શિબિર કેમ્પ યોજાયો



એક સપ્તાહમાં અલગ અલગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.જેમાં આજરોજ સ્વૈચ્છિક રક્તદાન શિબિર તથા આંખોની તપાસણી કેમ્પ યોજાયો હતો.

મોડાસાઃ આજ રોજ આરટીઓ કચેરી મોડાસા ખાતે ૩૦મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત સ્વૈચ્છીક રકતદાન શિબિર અને આંખોની તપાસણીનો કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદઘાટન જિલ્લા પોલીસ વડા મયુર પાટિલ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં આરટીઓ અધિકારી મોઢ,જિલ્લા ટ્રાફિક જીં જાડેજા,જીલ્લા રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર તથા અન્ય અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિકો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લગ્ન પ્રસંગના ડાયરામાં કિર્તિદાન ગઢવી અને વરરાજા પર રૂપિયાનો વરસાદ

સુરત

કિર્તિદાન ગઢવીના ભજનના કાર્યક્રમમાં રૂપિયાની ઘોર ન થાય તો જ નવાઈ લાગે. મંદિરોનો લાભાર્થે યોજાતા ડાયરો હવે લગ્નપ્રસંગમાં પણ થઈ રહ્યો છે. નવસારીમાં યોજાયેલા લગ્ન પ્રસંગની સંગીત સંધ્યામાં ભજનીક કિર્તિદાન અને તેની બાજુમાં વરરાજાને બેસાડીને સંબંધીઓએ રૂપિયોનો વરસાદ કર્યો હતો.ભજન દરમિયાન એકઠા થયેલા રૂપિયા ગૌ સેવા માટે આપવાનું નક્કી કરાયું હતું. નવસારીમાં વેપાર ધંધા સાથે સંકળાયેલા કાના ભરવાડના પુત્ર શ્યામના લગ્ન પ્રસંગની સંગીત સંધ્યામાં કિર્તિદાન ગીતો ગાય હતાં. આ દરમિયાન ૧૦, ૨૦ અને ૧૦૦ રૂપિયા સુધીની નોટો સંબંધીઓ સહિતના લોકોએ ઉડાવી હતી. ડાયરમાં અંદાજે પાંચ લાખ રૂપિયા એકત્ર થયાં હતાં. આ તમામ રકમ ગાયોની રક્ષા પાછળ દાન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલે કેસરિયો ધારણ કર્યો

પાટણ

ગુજરાત કોંગ્રેસમાં આંતરિખ વિખવાદમાં ઊંઝાના ધારાસભ્ય આશાબેન પટેલે પાર્ટીના તમામ પદ પરથી તેમજ ઊંઝા ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દીધુ હતું. ત્યારે તેમનું ભાજપમાં જોડાવવાની અટકળોએ જોર પકડ્યું હતું. તો શુક્રવારે ઊંઝાથી આશાબેન પટેલ ભાજપમાં જોડાવવા માટે પાટણમાં ભાજપના ક્લસ્ટર સંમેલનમાં આવ્યા હતા. જ્યાં ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કેસ પહેરાવી ભાજપમાં આવકાર્યા હતા.

ભાજપ દ્વારા પાટણની કે.સી.પટેલ વિધ્યા સંકૂલમાં કલસ્ટર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, હરિયાણાના મુખ્યમંત્રી મનહરલાલ ખટ્ટર અને પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ સહિત ભાજપના મહાનુભવો હાજર રહેશે. જ્યારે આશાબેન પટેલ હરિયાણાના મુખ્યમંત્રી મનહરલાલ ખટ્ટરની હાજરીમાં ભગવો ખેસ ધારણ કરવા જઈ રહ્યાં છે. તો આ સાથે જ આશાબેન પટેલના ભાજપમાં જોડાવવાથી ઊંઝામાં કોંગ્રેસને મોટો ફટકો પડી શકે છે. કેમ કે, આશાબેન પટેલની સાથે નગરપાલિકાના ૧૫ અપક્ષ કોર્પોરેટર, ૧ કોંગ્રેસ કોર્પોરેટર તેમજ ૧૦ તાલુકા પંચાયતના અપક્ષ સદસ્યો સહિત ૧૧૦૦ કાર્યકરો પણ ભાજપમાં જોડાયા હતા.

ગુરૂવારે ઊંઝાના બાલાજી રિસોર્ટમાં આશાબેન પટેલના રાજકીય ભવિષ્યનો ફેંસલો કરવા માટે મોટી સંખ્યામાં તેમના ટેકેદારો ભેગા થયા હતા. આટા કડવા પાટીદાર યુવા સંગઠન સહિતના અનેક કાર્યકર્તાઓ સંમતિ દર્શાવી હતી. સભામાં આવેલા આશાબેન પટેલે જણાવ્યું કે, ×મેં કોઈ ૨૦ કરોડ લીધા નથી કે મને વી.સી.નું પદ આપવાની કોઈ ઓફર મળી નથી. આ કોઈએ માત્ર અફવા ફેલાવી છે. હું વીસીના પદ માટે લાયક જ નથી. કોંગ્રેસમાં ઘણું જ અપમાન થયું છે. સ્વમાનના ભોગે મેં રાજીનામું આપ્યું છે. હું સત્તા ભુખી નથી.×

આશાબેને વધુમાં જણાવ્યું કે, ×જો ટેકેદારો કહેશે કે કોંગ્રેસમાં પાછા જવાનું છે તો હું ફરી પાછી જવા તૈયાર છું. જો તમે સન્યાસ લેવાનું કહેશો તો સન્યાસ લેવા તૈયાર છું. કાર્યકર્તાઓએ ભાજપમાં જોડાવાની વાત કરી છે તેને માથે ચડાવું છું. હવે ભાજપના મોવડી મંડળનો સંપર્ક કરીને આવતીકાલે ભાજપમાં જોડવા અંગેનો નિર્ણય કરીશ.× આશા પટેલે જણાવ્યું કે, એપીએમસી અંગે પણ મારે કોઈ વાતચીત નથી. ભાજપમાં જોડાવા અંગે કોઈ ડીલ કરી નથી. જે કોઈ આવી વાતો કરે છે તે માત્ર અફવા છે.

કુલ રુપિયા ૩૬૭૦૦/- ના ભારતીય બનાવટના વિદેશી દારુનો જથ્થો પકડી પાડતી બોરતળાવ પોલીસ





ભાવનગર જિલ્લાના મે આજી.પી.સાહેબ નાઓએ દારુની બદી નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી પી.એલ.માલ સાહેબ તથા ના.પો.અધિશ્રી ઠાકર સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ બોરતળાવ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ શ્રી કે.એમ.રાવલ સા. તથા એ.એસ.આઈ કે.યુ.ડોડીયા, હેડ કોન્સ હર્ષદભાઈ ભાયાભાઈ, ડી.કે.ચૌહાણ, ડી.સી.સાંકળીયા, એચ.જે.મકવાણા તથા પો.કો ભીખુભાઈ બુકેરા, હિરેનભાઈ મહેતા વિગેરે પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે હાજર હતા દરમ્યાન પો.કો હિરેનભાઈ મહેતા તથા ભીખુભાઈ બુકેરાને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે ચિત્રા મામાના ઓટલા પાસે નયનાબેન ઉર્ફે નજુબેન બારૈયાના ઘરે પ્રોહી અંગે રેઈડ કરતા આરોપી દિગ્વિજયસિંહ વિક્રમસિંહ ગોહીલ રહે. ભાવનગર વાળો ૧. બેગ પાઈપ ડીલક્ષ વ્હીસ્કી બોટલ નંગ :- ૨૪ કિરુ. ૭૨૦૦/- ગણી ૨. ઓલ્ડ મંક ડીલક્ષ રમ બોટલ નંગ :- ૩૬ કિરુ. ૧૦,૮૦૦/- ગણી ૩. એપીસોડ કલાસીક વ્હીસ્કી બોટલ નંગ :- ૪૭ કિરુ. ૧૪,૧૦૦/- ગણી ૪. એલીફન્ટ સ્ટ્રોગ કાર્લ્સબર્ગ ટીન નંગ :- ૪૬ કિરુ. ૪૬૦૦/- ગણી

કુલ બોટલ નંગ :- ૧૦૭ કિરુ. ૩૨,૧૦૦/- તથા બિયરના ટીન નંગ :- ૪૬ કિરુ.૪૬૦૦/- મળી કુલ કિરુ. ૩૬૭૦૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારુ/બિયરનો જથ્થો મળી આવેલ.

આ કામે પકડાયેલ આરોપી દિગ્વિજયસિંહ વિક્રમસિંહ ગોહીલ રહે. ભાવનગર તથા નહી પકડાયેલ આરોપીઓ નયનાબેન ઉર્ફે નજુબેન બારૈયાના તથા અબ્દુલ ઉર્ફે ભટુર ઉર્ફે ઠુઠો તેમજ રાહુલ ઉર્ફે લાલીયો ઉર્ફે બતરી લક્ષ્મણભાઈ બારૈયા નાઓ વિરુધ્ધ પ્રોહીબિશનનની અલગ અલગ કલમો અન્વયે ગુનો રજી કરી પકડવા ચક્રો ગતિમાન કરેલ છે .

મોદી સરકારે પીએમ કિસાન પોર્ટલ લોન્ચ કર્યુઃ પહેલો હપ્તો ૩૧ માર્ચ સુધી પહોંચી જશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે ખેડૂતોને સમર્પિત પોર્ટલ લૉન્ચ કરી દીધુ છે. રાજયોના લાભાર્થીઓની યાદી ૧૫ દિવસમાં તૈયાર થઈ જશે અને ત્યારબાદ આ પોર્ટલ પર યાદી જોઈ શકાશે. http://pmkisan.nic.in પર યોજના સાથે જોડાયેલી તમામ નિયમો આપી દેવામાં આવ્યા છે. આ નિયમોમાં સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે કોણ આ યોજનાનો લાભ લઈ શકશે. સાથે સાથે અલગ અલગ એજન્સીઓની શું ભૂમિકા રહેશે તે પણ દર્શાવવામાં આવ્યુ છે.

કેન્દ્ર સરકાર ઈચ્છી રહી છે ખેડૂતોના ખાતામાં વહેલામાં વહેલી તકે સહાયતા રાશિનો પહેલો હપ્તો ૩૧ માર્ચ સુધીમાં ખેડૂતોના ખાતામાં જમા થઈ જાય. આ માટે રાજયોને સૂચના આપવામાં આવી છે કે કોઈ લાભાર્થી આનાથી વંચિત ન રહી જાય અને આ માટે યાદી ૨૫ ફેબ્રુઆરી સુધીમાં અપલોડ કરી દેવાનું રહેશે. જો રાજયોએ ૨૫ ફેબ્રુઆરી સુધીમાં આ યાદી પોર્ટલ પર જાહેર કરી દીધી તો તેનો મોટા પાયે ખેડૂતો ફાયદો ઉઠાવી શકશે.

યોજનાનો લાભ મેળવનાર ખેડૂતોના ખાતામાં ૨-૨ હજાર રૂપિયા ૩૧ માર્ચ સુધીમાં જમા કરવાના છે. ચૂંટણી પંચ માર્ચના પહેલા અઠવાડિયે લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરશે. સરકારે આ યોજના ૧ ડિસેમ્બર ૨૦૧૮થી લાગૂ કરવાનું એલાન કર્યુ છે. આ માટે પહેલો હપ્તો ૨-૨ હજાર રૂપિયા ૩૧ માર્ચ ૨૦૧૯ પહેલા પહોંચાડવાનો પ્લાન છે. મોદી સરકારે ૧ ફેબ્રુઆરીએ વચગાળાના બજેટમાં PM કિસાન યોજનાનું એલાન કર્યુ છે. આ યોજના અંતર્ગત દેશભરમાં ૧૨ કરોડ ખેડૂતોને ૪-૪ મહીનાના ગાળામાં ૩ હપ્તાઓમાં ૬ હજારની સહાયતા આપવામાં આવશે. આનો લાભ ખેડૂતોને આપવામાં આવશે. જેમની પાસે ૨ હેક્ટર ખેતીલાયક જમીન હોય તેવા ખેડૂતોને સહાયતા મળશે. જો કે જે ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી હશે તેમને આ યોજનામાંથી બહાર રાખવાની પણ યોજના છે.

કોંગ્રેસે લોકોને મફતનું લેવાની આદત પાડીઃ મનોહરલાલ ખટ્ટર

પાટણ

ગાંધીનગરમાં ભાજપનું ક્લસ્ટર સંમેલન યોજાયા બાદ હવે ભાજપની ઉત્તર ગુજરાતની ત્રણ લોકસભાની બેઠક પર નજર છે. ત્યારે પાટણના ગોલાપુરમાં કલસ્ટર સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. પાટણ, બનાસકાંઠા અને મહેસાણા એમ ત્રણ લોકસભાની બેઠકો માટે ભાજપ કલસ્ટર સંમેલન યોજાયુ હતું. આ સંમેલનમાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર હાજરી આપી હતી. સાથે પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલે પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. સાથે જ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો હાજર રહ્યા હતા.

કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય આશા પટેલ ભારે રાજકીય



ડ્રામેબાજી બાદ આખરે ભાજપમાં જોડાયા છે. આશા પટેલને ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ ભાજપનો ખેસ પહેરાવી ભાજપમાં વિધિવત રીતે સામેલ કર્યા છે. તો ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારાયણ પટેલે પણ આશા પટેલનું ભાજપમાં સ્વાગત કર્યું હતું. ભાજપ કલસ્ટર સંમેલનમાં મનોહરલાલ ખટ્ટરે સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કહ્યું કે, ભાજપને ૨૬ બેઠકો જીતાડવા અપીલ કરવા આવ્યો છું. ૨૦૧૪ની ચૂંટણીમાં વર્ષો પછી શુદ્ધ રૂપે બહુમત સરકાર બનાવી છે. અગાઉ કોંગ્રેસની સરકારમાં જનતાએ ખુબ સહન કર્યું. અગાઉ દેશ નીચે જોવા મળતો હતો પરંતુ હવે દેશની સ્થિતિ બદલાઇ છે. દુનિયાના અનેક દેશો કરતા ભારત આગળ નિકળ્યો છે. મોદી સરકારે અનેક યોજનાઓ શરૂ કરી છે. આગામી ચૂંટણી જીતવા તૈયારીઓ કરવી પડશે. ૫ વર્ષની ઉપલબ્ધીઓ લોકોને જણાવવી પડશે. સ્વચ્છતાથી મત મળવાના નથી. સ્વચ્છતાથી લોકોનો સ્વભાવ બદલાશે. મનમાં પણ સ્વચ્છ વિચાર હોવો જોઈએ. કોંગ્રેસે લોકોને મફતમાં લેવાની આદત પાડી છે.

દેશના સૌથી અમીર મુકેશ અંબાણી ઋણ ઓછુ કરવા માટે જિઓની સંપત્તિ વેચશે..!!

ન્યુ દિલ્હી

દેશના સૌથી અમીર વ્યક્તિ, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના અધ્યક્ષ મૂકેશ અંબાણી પોતાના પરના ઋણને ઓછું કરવા માટે પોતાના ટેલીકોમ યૂનિટ જિઓની સંપત્તિઓ વેચવા પર વિચાર કરી રહ્યાં છે. આ મામલા સાથે જોડાયેલા જાણકારો અનુસાર દુનિયાની શીર્ષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રાઈવેટ ઈક્વિટી ઈન્વેસ્ટર અને કેનેડા મૂળની કંપની બ્રૂકફીલ્ડ એસેટ મેનેજમેન્ટ જિઓના ટેલીકોમ ટાવર્સ અને ફાયબર સાથે જોડાયેલી સંપત્તિઓ ખરીદવાને લઈને શરુઆતી વાતચીતના દોરમાં છે. આ સંપત્તિઓનું મૂલ્ય આશરે ૧.૦૭ લાખ કરોડ આસપાસ છે. જો જિઓની આ સંપત્તિ વેચાઈ, તો આ સૌથી મોટી પ્રાઈવેટ ઈક્વિટી ડીલ હશે. જિઓ દ્વારા તાજેતરમાં જ કહેવાયું હતું કે દેવું ઓછું કરવા માટે તે ટાવર અને ફાઈબર સંપત્તિઓને અલગઅલગ સંસ્થાઓના રુપમાં વહેંચી દેશે. હકીકતમાં જિઓના લોન્ચિંગ માટે આરઆઈએલે આશરે ત્રણ લાખ કરોડ રુપિયાનું ઋણ લીધું હતું જે ભરપાઈ કરવા માટે મથામણ કરી રહી છે. જિઓની સંપત્તિ વેચીને તે ૧.૦૭ લાખ કરોડ રુપિયા એકત્ર કરવાના પ્રયત્નોમાં છે. વર્તમાન સમયમાં ૨.૨ લાખ ટાવર્સ નેટવર્ક સાથે જિઓ આશરે ત્રણ લાખ રુટ કિલોમીટરના ઓપ્ટિક ફાઈબરનું સંચાલન કરી રહ્યું છે.





વડાપ્રધાને જલપાઈગુડીમાં અનેક યોજનાઓનો પાયો નાંખ્યો

લુટારાઓને બચાવવા પ્રથમ વખત કોઈ મુખ્યમંત્રી ધરણાં પર બેઠાઃ મોદી

જલપાઈગુડી

મમતા બેનર્જીનાં ગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર સરકાર પર નિશાન સાધ્યુ છે. જલપાઈગુડીમાં યોજનાઓનો પાયો નાખ્યા બાદ રેલીને સંબોધતા મોદીએ કહ્યું કે, આ જગ્યા સાથે મારો જૂનો સંબંધ છે. તમે લોકો ચાનાં ઉત્પાદક છો અને અમે ચા બનાવનારા, પરંતુ ચાવાળાઓ માટે દીદીનાં મનમાં આટલી નફરત કેમ છે?

તેમણે કહ્યું કે, મહિલાઓનાં અધિકારો પર જુઠ્ઠાણુ બોલનારી કોંગ્રેસનું અસલી રૂપ સામે આવી જ ગયુ છે. કોંગ્રેસે ખૂલીને ત્રણ તલાકનાં કાયદાનો વિરોધ કરતી હોવાનું જાહેર કરી દીધુ છે. રાજીવ ગાંધીના સમયમાં શાહ બાનો કેસમાં કોંગ્રેસે જે ભૂલ કરી હતી, તે જ ભૂલ ફરી કરી છે.

તેઓ ભૂલી ગયા છે કે ત્રણ તલાકથી પિડીત મહિલાઓએ કેટલા ખરાબ સમયમાંથી પસાર થવુ પડે છે. કેટલા સંકટોનો સામનો કરવો પડે છે. પરંતુ કોંગ્રેસે ત્રણ તલાકનાં આ કાયદાને રોક્યો હતો આટલુ જ નહિ તેને ખતમ કરવાની પણ વાત કરી હતી. પરંતુ હું તમને વિશ્વાસ અપાવુ છું કે ત્રણ તલાકનાં કાયદાને હટાવવામાં નહિ આવે.

મોદીએ કહ્યું કે ટીએમસીની સરકારની તમામ યોજનાઓનાં નામે વચેટીયાઓનો અધિકાર છે. આજે પરિસ્થિતી એ છે કે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી તો દીદી છે, પરંતુ દાદાગીરી તો બીજા કોઈની જ ચાલી રહી છે.

મોદીએ કહ્યું કે દલાલોનાં વિચારો, ભેળસેળનાં વિચારોને મોદી ક્યારેય સફળ નહિ થવા દે. હું ચિટફંડ ગોટાળાનાં એક-એક પિડીતને વિશ્વાસ આપુ છું કે તમને આ સ્થિતીમાં મોકલનારા લોકો હું કાનૂનનાં દરવાજા સુધી પહોંચાડીશ. દીદી ચિટફંડ ગોટાળાની તપાસથી આટલા કેમ ડરી રહ્યા છે? શા માટે જે લોકો પર તપાસમાં બેદરકારી રાખવાનો આરોપ છે તેમને બચાવી રહ્યા છે?

પીએમ મોદીએ કહ્યું હતું કે દેશના ઈતિહાસમાં પ્રથમ વખત જોવા મળ્યું છે કે કોઈ મુખ્યમંત્રી હજારો ગરીબોને લુટનારના પક્ષમાં દિન-દહાડે ધરણાં ઉપર બેસી જાય. પીએમ મોદીએ ફરી એક વખત મહાગઠબંધન ઉપ હુમલો કરતા કહ્યું હતું કે તેમની પાસે વિઝન નથી. ગઈકાલે લોકસભામાં મેં તેમને જેવા મહામિલાવટ કહ્યા તો આ લોકોએ હંગામો શરુ કરી દીધો હતો. જ્યારે-જ્યારે દેશની તેમની હકિકત બતાવવામાં આવે છે ત્યારે આવી રીતે જ હંગામો કરે છે. તેમની પાસે દેશ માટે કોઈ વિઝન નથી.



ચાવાળાઓ માટે દીદીના મનમાં આટલી નફરત કેમ છે?,ત્રણ તલાકનાં કાયદાને હટાવવામાં નહીં આવે,મમતા ચિટફંડના આરોપીઓને કેમ બચાવી રહ્યા છે,ગરીબોને લુટનારા નહીં બચે

ચૂંટણી આવે એટલે મોદી ચા વાળા અને ચૂંટણી બાદ રફાલવાળા થાય છેઃ મમતા

પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં PM મોદીની રેલી બાદ રાજ્યના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ પીએમ મોદી પર ટિપ્પણી કરતા જણાવ્યું કે, ચૂંટણી આવે છે એટલે પીએમ મોદી ચાય વાળા છે અને ચૂંટણી પૂર્ણ થયા બાદ તેઓ રફાલવાળા થાય છે. પીએમ મોદી ભ્રષ્ટાચાર, રફાલ અને નોટબંધીના માસ્ટર છે. બંગાળની જનતાએ ગુજરાતમાં થયેલા ગોધરા કાંડને પણ યાદ રાખે.

મમતા બેનર્જીએ વધુમાં જણાવ્યું કે, પીએમ મોદી ચાના બગીચાના કર્મચારીઓ સાથે ખોટા વાયદા કરી રહ્યા છે. બંગાળની જનતા ભાજપના કોઈપણ વાયદા પર વિશ્વાસ મુકવાની નથી.

ઑડિયો ટેપ જાહેર કરી કહ્યું યેદિયુરપ્પા જેડીએસના ધારાસભ્યોને ઓફર આપી રહ્યા છે

વડાપ્રધાન મોદીને લઈને સનસનાટીપૂર્ણ ખુલાસા કરીશઃ કુમારસ્વામી



બેંગ્લુરુ

કર્ણાટક વિધાનસભામાં બજેટ ૨૦૧૯-૨૦ રજુ કરવા કરતા પહેલા મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ વડાપ્રધાન અને કર્ણાટક ભાજપના અધ્યક્ષ બીએસ યેદિયુરપ્પા પર આકરા પ્રહારો કર્યા હતાં. કુમારસ્વામીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને સનસનાટીપૂર્ણ ખુલાસો કરવાની વાત કહી છે. તો કુમારસ્વામીએ એક ઓડિયો ટેપ પણ જાહેર કરી હતી જેમાં યેદિયુરપ્પા કથિત રીકે જેડીએસના ધારાસભ્યોને ઓફર આપી રહ્યાં હોવાનું જણાઈ આવે છે.

કુમારસ્વામીએ આરોપ લગાવ્યો હતો કે, તેઓ સત્ય સામે લાવીને જ રહેશહે અને તેમની પાસે તેના આરોપો સાબિત કરવા માટેના પુરતા પુરાવાઓ પણ છે. વડાપ્રધાન મોદી પર નિશાન તાકતા તેમણે કહ્યું હતું કે, તેઓ દેશમાં લોકતંત્ર ધ્વસ્ત કરવાના પ્રયાસો કરી રહ્યાં છે, લોકોને ગેરમાર્ગે દોરી રહ્યાં છે. હું વિરોધ પક્ષોને અપીલ કરૂ છું કે તેઓ આગળ આવે. તેમણે સંસદમાં વડાપ્રધાનનું સત્ય સામે લાવવું જોઈએ. એક તરફ પોતે પોતાને દેશના મસીહા તરીકે રજુ કરે છે જેમાં ભ્રષ્ટાચારનો અંત આણ્યાનો દાવો કરે છે તો બીજી બાજુ પોતના સાથીઓ અને મિત્રોને ભ્રષ્ટાચારનું પ્રોત્સાહન પુરૂ પાડી રહ્યાં છે.

કુમારસ્વામીએ એક ઓડિયો ક્લિપ જાહેર કરી હતી જેમાં કથિત રીતે યેદિયુરપ્પા જેડીએસના ધારાસભ્યના પુત્ર પોતાના પિતાને ભાજપ જોઈન કરવાના બદલામાં ઓફર કરી રહ્યાં છે. કુમારસ્વામીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનની જાણકારી વગર યેદિયુરપ્પા આમ કરી જ ના શકે. આ વાતચીત જેડીએસના ધારાસભ્ય નગન્નગૌડાના પુત્ર શરન અને યેદિયુરપ્પા વચ્ચેની છે. જેમાં તેમણે ધારાસભ્યને ૨૫ લાખ રૂપિયા અને મત્રીપદની ઓફર કરી છે.







તંત્રી સ્થાનેથી...

વ્યાજના દરોમાં ઘટાડો

રિઝર્વ બેંકના નવા ગવર્નર શક્તિકાંત દાસના નેતૃત્વમાં પ્રથમ વખત યોજાયેલી નાણાંકીય નિતી સમીક્ષાની બેઠકમાં અથવા તો એમપીસીની બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે. દેશની આર્થિક ગતિવિધીમાં તેજી લાવવાના હેતુથી આ નિર્ણયને ખુબ ઉપયોગી અને દુરદર્શી તરીકે ગણી શકાય છે. કારોબારી માહોલમાં સુધાર કરવા માટે રિઝર્વ બેંક પાસેથી સતત એવી અપેક્ષા કરવામાં આવી રહી હતી કે તે વ્યાજ દરમાં કાપ માટેનો રસ્તો અપનાવે. જો કે અર્થ વ્યવસ્થાના જુદા જુદા વિરોધાભાસી સંકેતોના કારણે ટોચની બેક હાલમાં સાવધાનીપૂર્વક પગલા લઈ રહી હતી. સાથે સાથે વ્યાજદરમો નિર્ણયને ટાળી રહી હતી. જો કે આખરે હવે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં આરબીઆઇના નિર્ણયને સરકાર વધારે પડતી સાવધાની તરીકે જોઇ રહી હતી. જો કે તે પહેલા એમ માનવામાં આવી રહ્યુ હતુ કે તેમના આગમનની સાથે સ્થિતીમાં ફેરફાર થશે. જો કે ઉર્જિત પટેલ વધારે પડતી સાવધાની સાથે આગળ વધ્યા હતા. આ વખતે પણ બેઠક શરૂ થઇ ત્યારે રેટમાં કાપના કોઇ સંકેત મળી રહ્યા ન હતા. જો કે શક્તિકાંત દાસના નેતૃત્વમાં આખરે બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. એમપીસીની બેઠકમાં રિઝર્વ બેંકના વલણને દબાણવાળી શ્રેણીમાંથી દુર કરીને તટસ્થવાળી શ્રેણીમાં મુકી દેવામાં આવ્યા બાદ તેની વધારે ચર્ચા જોવા મળી રહી છે. જો કે આ બાબત ગળે ઉતરતી નથી કે શ્રેણીમાં ફેરફાર તો સર્વસંમતિ સાથે કરવામાં આવ્યા પરંતુ રેટમાં કાપને લઇને સર્વસંમતિથી નિર્ણય કેમ કરી શકાયો ન હતો. રેપો રેટમાં ફેરફાર ૪-૨ની બહુમતિ સાથે કરવામાં આવ્યો હતો. રવિન્દ્ર ઢોળકિયા અને પામી દુઆ, માઇકલ પાત્રા અને શક્તિકાંત દાસે વ્યાજદરમાં ઘટાડો કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જ્યારે ચેતન ઘાટે અને વિરલ આચાર્યે આનો વિરોધ કર્યો હતો. ગવર્નર દાસે ગયા મહિનામાં જ સંકેત ચોક્કસપણે આપ્યો હતો કે જો મોંઘવારીના દરો નિયંત્રણમાં રહેશે તો વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવી શકે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જો આરબીઆઇ દ્વારા રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ બેંકો પણ આનો લાભ ગ્રાહકોને આપશે તો લોન સસ્તી થઇ જશે. જો કે છેલ્લા કેટલાક સમયથી બેંકો આને લઇને ખચકાટ અનુભવ કરે છે. ખાદ્ય ચીજ વસ્તુઓમાં મોંઘવારીનો દર તો નીચો રહ્યો છે પરંતુ અન્ય પ્રમુખ ક્ષેત્રોમાં મોંઘવારી ઉંચાઇ પર છે. જેમાં બિન ખાદ્ય ચીજોનો સમાવેશ થાય છે. સાથે સાથે બિન ફ્યુઅલની વસ્તુઓ પણ સામેલ છે. કેટલાક નકારાત્મક માહોલ છતાં આરબીઆઇના પગલાથી કેટલાક અંશે આશ્ચર્ય થાય તે સ્વભાવિક છે. જો કે કારોબારી માહોલમાં તેજી લાવવા માટે આ પગલા સ્વાગતરૂપ છે. આગામી દિવસોમાં જુદા જુદા ક્ષેત્રોમાં તેની અસર જોવા મળી શકે છે. તેજી આવશે. લોકસભા ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે કારોબારીઓની સ્થિતી વધારે મજબુત કરવાના હેતુથી પણ આ પહેલને જોવામાં આવે છે. વ્યાજદરમાં ઘટાડાનુ ચોક્કસપણે સ્વાગત થવુ જોઇએ.

રેપો રેટનો લાભ બેંકો લોકોને આપશે તો પહેલાની સરખામણીમાં લોન સસ્તી રહેશે

ત્રિપલ તલાકને ખતમ કરવાની વાત કરી કોંગ્રેસે સાબિતી આપી...

કોંગ્રેસની વધુ એક કમનસીબ ચાલ

મુસ્લિમ સમુદાયને રાજી કરવાની રાજકીય ગરમી હાલમાં ચરમસીમા પર છે ત્યારે હવે કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમ પુરૂષોને પ્રભાવિત કરવાની વધુ એક શરમજનક ચાલ રમી કાઢી છે. પાર્ટીના લધુમતિ અધિવેશનમાં મહિલા કોંગ્રેસના અધ્યક્ષ સુષ્મિતા દેવે કહ્યુ હતુ કે જો વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર આવશે તો ત્રિપલ તલાક કાનુનને ખતમ કરી દેવામાં આવશે. ખુબ હેરાની થઇ છે કે એક મહિલા થઇને તે ઇસ્લામના નામ પર મહિલા અધિકારોનો ભંગ કરી રહ્યા છે. અધિકારોના ભંગ કરનાર લોકોની જેમ તેઓ વાત કરી રહ્યા છે. રાજનીતિ પોતાની જગ્યાએ છે. પરંતુ માત્ર વોટ મેળવી લેવાના હેતુથી ધર્મની વ્યક્તની મહિલાઓ સાથે થતા અન્યાયને રોકવાની વાત કરવાના બદલે કાનુનને દુર કરવાની વાત કરવામાં આવી રહી છે. આ પ્રકારની વાત કઇ રીતે તર્કસંગત હોઇ શકે છે. પાકિસ્તાન જેવા કટ્ટર ઇસ્લામિક દેશમાં પણ વર્ષો પહેલા ત્રિપલ તલાક બિલ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે કમનસીબ બાબત એ છે કે ભારત જેવા લોકશાહી દેશમાં એક રાષ્ટ્રીય પાર્ટી આ બાબતને લઇને વોટ માંગી રહી છે કે તેઓ મહિલાઓના શોષણને રોકવા માટે ભૂમિકા અદા કરનાર કાનુનને ખતમ કરી દેશે. એટલે કે પુરૂષોને મહિલાઓના શોષણની તક મળી જશે. ખાસ બાબત એ છે કે મંદિરોમાં એન્ટ્રી કરવા માટે મુસ્લિમ મહિલાઓને ઉભી કરનાર મહિલા અધિકારોની વાત કરવાના બદલે કોંગ્રેસ પાર્ટીના ટોપ નેતાઓ મૌન રહ્યા છે. કોઇ પાર્ટી ખુલ્લી રીતે મહિલાઓના શોષણનો રસ્તો ખોલે છે છતાં કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સાઇપ્રસ, જોર્ડન, અલ્જીરિયા, ઇરાન, મોરક્કો અને યુએઇ જેવા દેશોમાં પણ




મુસ્લિમ સમુદાયને ખુશ કરવાની રાજનીતિ ચરમ સીમા પર છે ત્યારે મુસ્લિમ પુરૂષોને પ્રભાવિત કરવાની કોંગ્રેસની શરમજનક ચાલ

ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે. સિરિયામાં વર્ષ ૧૯૫૩માં કાનુન બનાવવામાં આવ્યુ કે જજની સામે ત્રિપલ તલાકને કાયદેસર ગણવામાં આવે છે. બાંગ્લાદેશમાં પણ ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે. ઇજિપ્ત, સુડાન અને શ્રીલંકા જેવા દેશોમાં મુસ્લિમ માટે તલાકને લઇને આદર્શ કાનુન બનાવવામાં આવ્યા છે. અફગાનિસ્તાનમાં એક સાથે ત્રિપલ તલાક કહીને તલાક લેવાની બાબત ગેરકાનુની છે. ઇન્ડોનેશિયામાં બીજા નિકાહ અને તલાક માટે ધાર્મિક કોર્ટની મંજુરી લેવાની જરૂર હોય છે. અલ્જેરિયામાં પુરૂષ દ્વારા તલાકના એકતરફી અધિકારને ખતમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યાં તલાકના મામલામાં કોર્ટ મારફતે ઉકેલ લાવવામાં આવે છે. ટ્યુનેશિયામાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. તુર્કીમાં એકથી વધારે નિકાહ કરવા પર બે વર્ષની સજા કરવામાં આવે છે. જો કે ભારતમાં જ્યારે ત્રિપલ તલાકની વાત કરવામાં આવે ત્યારે પુરૂષોના અધિકારની વાત કરીને કેટલાક શુભેચ્છકો ઉભા થઇ જાય છે. વાસ્તવિકતા એ છે કે ત્રિપલ તલાક મુસ્લિમ મહિલાઓના મૌલિક અધિકારને મુસ્લિમ પુરૂષોના હાથમાં ગિરવે મુકીને માનસિક શોષણ કરવામાં આવે છે. ભારતમાં મુસ્લિમ મહિલાઓ સાથે ક્રુરતાથી શોષણ કરવામાં આવે છે. કોંગ્રેસ પાર્ટીએ ક્રુરતાને યોગ્ય તરીકે ગણાવીને કોંગ્રેસ પાર્ટીએ સાબિતી આપી દીધી છે કે તે વોટરને હાંસલ કરવા માટે કોઇ પણ સ્તર સુધી પહોંચી શકે છે. ગઇકાલ સુધી જનેઉ પહેરીને ટેમ્પલ રન કરનાર રાહુલ ગાંધીની કોંગ્રેસ પાર્ટી એ બાબત પણ કહી શકે છે કે જો તેમની સરકાર આવશે તો અયોધ્યામાં બાબરી મસ્જિદ પણ બનાવીને આપશે. જો કોંગ્રેસ પાર્ટી આવી વાત કરશે તો પણ કોઇને આશ્ચર્ય થશે નહીં. પાકિસ્તાનમાં પણ ૧૯૬૧માં તલાક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સિરિયામાં વર્ષ ૧૯૫૩માં પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જુદા જુદા દેશોમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં ભારતમાં હજુ આને લઇને વિરોધની સ્થિતી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે જુદી જુદી પાર્ટી તમામ લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસમાં છે પરંતુ હાલમાં કોંગ્રેસ દ્વારા હવે ત્રિપલ તલાક કાનુનને ખતમ કરવાની વાત કરીને એક નવી ચર્ચા છેડી દીધી છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં કોઇ પણ મુદ્દા ચગાવી શકે છે.

પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

સફળતા સુધી સરળતાથી પહોંચી શકાય



જો મે જીવનમાં સફળ થવા માંગો છો તોજીવનને સરળ બનાવવાની જરૂર પડશે : સરળતા-સહેજતાથી જ સફળ થઇ શકાય છે

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઇ વ્યક્તિ ઇચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઇ શકાય છે. જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઇ બાળક માટે કોઇ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઇફમાં સામેલ કરી લઇશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઇ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પુર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઇ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઇ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે. અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઇએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઇ જાય છે અથવા તો શરૂઆતમાં ઇચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી. દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઇ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઇ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળા સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઇ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઇ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઇ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઇને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઇ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઇએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે. .

અભ્યાસના ચોંકાવનારા તારણ જારી કરાયા

પાંચ પૈકી એકને ડાયાબિટીસ

મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીસના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીસથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીસથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીસ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકાની આસપાસ છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીસથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. એક માત્ર મહારાષ્ટ્ર ઉપર જ ધ્યાન આપવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. ૮ રાજ્યોને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મલ્ટી નેશનલ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા સ્પોન્સર કરીને કરવામાં આવેલા અભ્યાસમાં આઠ રાજ્યોના મોટા શહેરોમાં રહેતા ૧૬,૦૦૦ લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી.

અમરોલી કોલેજ દ્વારા દ.ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતુ નાટક પ્રસ્તૃત

સુરત

અમરોલી કોલેજને ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી દ્વારા જાહેર જનતાના હિતાર્થે આર્થિક સહયોગ આપી 'મેં ગંદેવીનો ગલો' નાટક પ્રસ્તુત કરવા અનુરોધ કર્યો છે. જે ગૌરવની બાબત છે. કોલેજના વિદ્યાર્થીઓએ દક્ષિણ ગુજરાતના ''ઘેરૈયા લોકનૃત્યને' અને આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરતું નાટક ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી દ્વારા પસંદ થયું છે. દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતું સુરતી બોલીમાં લખાયેલું આ દ્વિઅંકી નાટક છે.

'મેં ગંદેવીનો ગલો' નાટક અંગે લેખક સતીશ વ્યાસે જણાવ્યું હતું કે, ''ગુજરાતી નાટ્ય સાહિત્યનો પ્રથમ આદિવાસી નાયક આ નાટકમાં રજૂ થાય ચે. દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતું સુરતી બોલીમાં લખાયેલુ આ દ્વિઅંકી નાટક છે. નાટકમાં આવતા 'ગણદેવી'નો લોકશક્તિ સાથે સંબંધ છે. ગણ એટલે લોક અને દેવી એટલે શક્તિ. 'મેં ગંદેવીનો ગલો' નાટકનું દિગ્દર્શન જાણીતા નાટ્યકાર સ્વ. જ્યોતિ વૈદ્યના દિકરી પ્રા.સોનલ વૈદ્યે કર્યું છે. આ નાટકમાં ૨૫ કલાકારો છે, જે દક્ષિણ ગુજરાતના ઘેરૈયા લોકનૃત્યને અને આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી અને સાંસ્કૃતિક વારસાની જાળવણીના હેતુથી આ નાટક અમરોલીની જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે.

ડાંગ જિલ્લામાં છેવાડાના ગામો સુધી બાળ સુરક્ષાની માહિતીઓ પહોંચાડાશે

રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો સંકલ્પબદ્ધ

આહવા

ડાંગ જિલ્લા બાળ સુરક્ષા એકમની વિવિધ સામાજિક યોજનાઓનો વ્યાપ વધારવા, તથા તેને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવા માટે આહવાની સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના યુવાનો પણ સંકલ્પબદ્ધ થયા છે. બાળ સંભાળ : આપણા સૌની જવાબદારી વિષયક યોજનાકિય માહિતી છેવાડાના માનવીઓ સુધી પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે તાજેતરમાં કોલેજના એન.એસ.એસ. યુનિટના ૧૦૦ જેટલા સમર્પિત યુવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરતા ડાંગના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જે.એમ. ચૌધરીએ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોને તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે છેવાડાના જરૂરિયાતમંદો સુધી પહોંચાડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

વિશેષ કરીને બાળ કલ્યાણની યોજનાઓ, બાળ અધિકારીઓ, બાળ સુરક્ષાની સેવાઓ, બાળ લગ્ન, બાળ મજુરી, દત્તક બાળકો, શાળામાંથી ડ્રોપ આઉટ થતા બાળકો, સ્થળાંતરીત થતા બાળકો, પોક્સો એક્ટ, જે.જે.એક્ટ સહિતની સામાજિક સુરક્ષાની યોજનાઓની વિસ્તૃત જાણકારી મેળવી, તેનો વ્યાપ વધારવાના રાજ્ય સરકારના પ્રયાસોમાં સહયોગી બનવાની હિમાયત કરી હતી. દરમિયાન સુરક્ષા અધિકારી-બિન સંસ્થાકિય સંભાળના શ્રી નિકોલસ વણકર, સામાજિક કાર્યકર શ્રી જયરામ ગાવિત સહિતના તજજ્ઞોએ એન.એસ.એસ.ના સ્વયંસેવકોને ઉપયોગી જાણકારી પુરી પાડી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ.નરેશભાઈ મહાકાળ, દિલીપભાઈ ગાવિત તથા શ્રી ચીરાગ જોશીએ જહેમત ઉઠાવી હતી.

ઓનલાઈન વેપારીની દુકાનમાં તસ્કરો હાથફેરો કરી ફરાર

બે અજાણ્યા થયા સીસીટીવીમાં કેદ

સુરત

સુરત શહેરના અમરોલી ચાર રસ્તા પાસે આવેલા સમર્થ પાર્ક શોપિંગ સેન્ટરની દુકાન નંબર એફ-૩૦માં ત્રાટકેલા તસ્કરો રૂા.૧.૫૯ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલી કિષ્ણાપાર્ક સોસાયટીમાં રહેતાં રવિભાઈ અશોકભાઈ ચીખલીયા ઓનલાઈન વેપાર કરે છે અને અમરોલી ચાર રસ્તા પાસે આવેલા સમર્થ પાર્ક શોપિંગ સેન્ટરમાં એફ-૩૦ નંબરની દુકાન ધરાવે છે. ઓનલાઈન વેપારી રવિભાઈની દુકાને તસ્કરો ત્રાટક્યા હતા અને લેપટોપ, મોબાઈલ, સાડીઓ, ચણીયા ચોળી, ઘડિયાળ તથા રોકડા રૂપિયા ૩૦ હજાર મળી કુલ રૂા.૧,૫૯,૮૦૦ની મતા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે રવિભાઈએ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ કે.એન. ગામીતે વધુ તપાસ શરૂ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસે તપાસ દરમિયાન નજીકમાં આવેલી રેસ્ટોરન્ટના સીસીટીવી ફુટેજ ચેક કરતા બે અજાણ્યા એક્ટિવા પર જતા દેખાયા હતા. જેથી આ ફુટેજ આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સુરત રાણા સમાજના સમૂહ લગ્નમાં ૪૩ યુગલો પ્રભુતામાં પગલા માંડશે

રવિવારે ૪૩મો સમૂહ લગ્ન સમારોહ યોજાશે

સુરત

શ્રી સુરત રાણા સમાજ સને ૧૯૮૩ થી સમૂહ લગ્નોત્સવ વર્ષો વર્ષ યોજે છે. આ વર્ષે ૪૦માં સમૂહ લગ્નમાં ૪૩ યુગલો જોડાયા છે. સમૂહ લગ્નનો તમામ ખર્ચ સુરત રાણા સમાજના દાતાઓ ભોગવે છે. સમાજના દાનવીરો અને સમાજ આગેવાનો તરફથી કન્યાદાનમાં ઘર વપરાશની વિવિધ ચીજવસ્તુઓ તથા કરિયાવર આપવામાં આવે છે. સમાજના ૪૩ દાનવીરોએ એક કન્યા દત્તક લઈને તેમના તરફથી ૪૩ કન્યાઓને કન્યાદાન તરીકે ભેટ સોગાદ આપનાર છે. તેમજ સમાજના દાનવીરો દ્વારા તમામ ૪૩ કન્યાઓને સુવર્ણ મુદ્રા તેમજ ચાંદીનું દાન પણ કન્યાદાનમાં આપવામાં આવનાર છે.

તા.૧૦-૨-૨૦૧૯ને રવિવાર વસંત પંચમીના રોજ એસએમસી અઠવા પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં ૪૦માં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦.૩૦ કલાકે ગ્રહશાંતિ, સાંજે ૬.૦૦ કલાકે હસ્તમેળાપની વિધિ રાખવામાં આવી છે. સમાજના ગોર મહારાજો ધાર્મિક વિધિ વિધાન સાથે આ લગ્ન સંપન્ન કરાવશે. ત્યારબાદ સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખેલ છે. સાંજે ૪ કલાકે અઠવાલાઈન્સ સુરત ટેનિસ ક્લબવાળી ગલીમાં આવેલ સર.કે.પી. કોમર્સ કોલેજના ગ્રાઉન્ડમાં તમામ વરરાજા એકત્રિત થઈ સમૂહ વરઘોડો, ગ્રાઉન્ડથી નીકળી આદર્શ સોસાયટી થઈ અઠવા ઝોન ઓફિસવાળા રોડથી સમૂહ લગ્ન સ્થળે જશે. જેમાં સમાજના આગેવાનો દાનવીરો પણ જોડાશે.

લીંબાયતમાંથી રહસ્યમય સંજોગોમાં યુવતી લાપતા

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યાં અનુસાર, તા.૨૯/૦૧/૨૦૧૯ ના રોજ બી/૪૨, મહાદેવનગર, પર્વતગામ, લીંબાયત ખાતે રહેતા ૨૬ વર્ષીય વૈશાલીબેન રવીન્દ્રસિંગ ગીરાસે ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામ વર્ણ અને ઉંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે શરીરે જીન્સ પેન્ટ તથા ટોપ પહેરલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા લીંબાયત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

સરકારી કચેરી પરિસર અને તેની ૨૦૦ મીટર ત્રિજ્યા વિસ્તારમાં ધરણાં-ઉપવાસ કરવા પર પ્રતિબંધ

વલસાડ

વલસાડના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સી.આર.ખરસાણે વલસાડ જિલ્લામાં જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન, વલસાડ, તથા જિલ્લાના તમામ તાલુકા સેવા સદનની બહાર કે જિલ્લા/ તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૧૯/૨/૨૦૧૯ સુધી સુધી અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યકિતઓ/ વ્યકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થઇને કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હળતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા માટે મનાઇ ફરમાવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા અને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ પરવાનગી તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનના કિસ્સામાં લાગુ પડશે નહીં.

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-વાપીનું સરનામું બદલાયું

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી ખાતેની ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીનું રીનોવેશ કામ ચાલુ હોવાથી તા.૧૧/૨/૧૯થી આ કચેરી સેન્ટર ઓફ એક્ષેલન્સ, વોટર ફીલ્ટરેશન પ્લાન્ટની પાસે, ફર્સ્ટ ફેઈઝ, જી.આઈ.ડી.સી., વાપી-૩૯૬૧૯૫ ખાતે કાર્યરત રહેશે. જેની સંબંધિતોને નોંધ લેવા જી.પી.સી.બી.-વાપીના પ્રાદેશિક અધિકારી બી.આર.ગજજર દ્વારા જણાવાયું છે.

ડાંગ જિલ્લા આરોગ્ય કર્મચારીઓનું માસ સીએલ પર ઉતરી વિરોધ પ્રદર્શન

રામધુન બોલાવી રક્તદાન શિબિર પણ યોજી

આહવા

રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લાના પાયાના આરોગ્ય કર્મચારીઓ તેમની વિવિધ પડતર માંગણીઓના સંદર્ભે માસ સી.એલ. ઉપર ઉતરી ગયા હતા.

ડાંગ જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ કુંવર તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ, ગાંધીનગર તરફથી જિલ્લા પંચાયત હસ્તક ફરજ બજાવતા વિવિધ સંવર્ગના પંચાયત સેવા હેઠળના આરોગ્ય કર્મચારીઓએ તા.૬/૨/૨૦૧૮નાં રોજ એક દિવસની માસ સી.એલ. મુકી તેમની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે અવાજ બુલંદ કર્યો હતો. આ સાથે ડાંગ જિલ્લા પંચાયતની સામે માસ સી.એલ. ઉપર બેઠેલા કર્મચારીઓએ રામધૂન બોલાવવાની સાથે, સ્વચ્છતા અભિયાન અને રક્તદાન શિબિરનું આયોજન કરીને હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. શ્રી કુંવરના જણાવ્યા અનુસાર રક્તદાન કેમ્પના આયોજનથી એકત્ર થનારા રક્તનો ઉપયોગ ડાંગની સગર્ભા માતાઓ, અને ગરીબ દર્દીઓ માટે કરવામાં આવનાર છે.

ડાંગ જિલ્લાના ગાઢવી, સાપુતારા, ગલકુંડ, પીપરી, સાકરપાતળ, કાલીબેલ, ઝાવડા, પીપલદહાડ, ગારખડી, શિંગાણાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત આહવા અને વઘઇ તાલુકા આરોગ્ય કચેરીઓ, અને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના કર્મચારીઓ પૈકી કુલ ૫૯ કર્મચારીઓએ માસ સી.એલ. મુકી છે, જ્યારે ૯૨ કર્મચારીઓ કેજ્યુઅલ લીવ મુકીને આ કાર્યક્રમમાં જોડાયા છે. આમ ડાંગ જિલ્લામાં ફાર્માસીસ્ટ, લેબ ટેકનિશિયન, એમ.પી. એચ. ડબ્લ્યુ., એફ.એચ. ડબ્લ્યુ જેવી જુદી જુદી સંવર્ગના કુલ-૧૫૧ કર્મચારીઓ આ કાર્યક્રમમાં જોડાયા છે. ઉલ્લેખનિય છે કે, રાજય સરકાર સામે આરોગ્ય વિભાગના આ કર્મચારીઓની જુદી જુદી પડતર માંગણીઓ જેવી કે (૧) પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓને ટેકનિકલ કર્મચારી ગણવા, (૨) રાજય સેવાની જેમ ત્રિસ્તરીય માળખાનો પંચાયત સેવામાં અમલ કરવા, (૩) આરોગ્ય કર્મચારીઓને ૦ કિલોમીટરે પી.ટી.એ. આપવા, (૪) તાલુકા અને જિલ્લા કક્ષાએ સુપરવાઇઝરની જગ્યાઓ અપગ્રેડ કરવા, (૫) જિલ્લા મેલેરીયા અધિકારી (વર્ગ-૨)માં મેલેરીયા તથા સુપરવાઇઝર અને લેબ ટેકનિશિયન (પેથોલોજી)ને જિલ્લા મેલેરીયા અધિકારી (વર્ગ-૨) તરીકે બઢતી આપવા, (૬) નવા મંજુર થયેલા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાનું મહેકમ મંજુર કરી જગ્યાઓ ભરવા, (૭) જિલ્લા કક્ષાની સુપરવાઇઝરની ખાલી જગ્યાઓ બઢતી આપી ભરવા, (૮) પંચાયત સેવાના કમ્પાઉન્ડરોનું નામાભિધાન બદલી ફાર્માસીસ્ટ કરવા, (૯) ગ્રામ્ય કક્ષાએ ફિમેલ હેલ્થ વર્કરના પેટા કેન્દ્રો ઉપર મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યા મંજુર કરવા તથા (૧૦) તાલુકા આરોગ્ય કચેરીઓ ખાતે ફાર્માસીસ્ટની નવી જગ્યાઓ ઊભી કરવા જેવી બાબતો રાજ્યકક્ષાએ પડતર રહેવા પામી છે.

દરમિયાન ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે. વઢવાણિયાએ, ગ્રામીણ આરોગ્ય કર્મચારીઓના માસ સી.એલ.ના કારણે જરૂરિયાતમંદ દર્દીઓને કોઇ અગવડ કે મુશ્કેલી ન પડે તે માટે ગ્રામ્ય સ્તરે ફરજ બજાવતા આર.બી.એસ.કે. ના કર્મચારીઓ સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રોના માસ સી.એલ. ના કાર્યક્રમમાં જોડાયેલા કર્મચારીઓ સિવાયના કર્મચારીઓની સેવાઓ સતત કાર્યરત છે તેમ એક મુલાકાતમાં જણાવ્યું હતું.

રાષ્ટ્ર બચશે તો જ ધર્મ અને સંસ્કૃતિ બચશે : પૂ.પ. પદ્મદર્શનજી મહારાજ

સીએ કદમ દોશી, વિદિશા દોશીની વર્ષીદાન શોભાયાત્રા સંપન્ન

સુરત

શ્રી રાંદેર રોડ જૈન સંઘ સ્થિત જૈનાચાર્ય પૂ. અનંતયશ સૂરિજી મ., પૂ.આ. શ્રી તત્વદર્શન સૂરિજી મ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી પદ્મદર્શન વિજયજી અને પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોની પુનિત નિશ્રામાં મુમુક્ષુ સી.એ. કદમ દોશી અને વિદિશા દોશીની વર્ષીદાનની ભવ્ય શોભાયાત્રા ઋષભ ટાવરથી શરૂ થઈ મુખ્ય રાજમાર્ગો ફરી રામ પાવન ભૂમિ ખાતે સંપન્ન થઈ હતી. આ શોભાયાત્રાને નિહાળવા હજારોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો. વર્ષીદાનની શોભાયાત્રાના પ્રારંભમાં રાષ્ટ્ર, સંસ્કૃતિ, ધર્મ અને વિશ્વની રક્ષા માટે સર્વ પ્રથમ જન ગણનના રાષ્ટ્રગીતનું ગુંજન કરવામાં આવ્યું હતું. પૂ.પંન્યાસશ્રી પદ્મદર્શનજી મહારાજે જણાવ્યું હતું કે રાષ્ટ્ર બચશે તો જ ધર્મ અને સંસ્કૃતિ બચશે. વિશ્વ માત્રનું હિત કરવાની ભાવના સાથે મહાભિનીષ્ક્રમણ કરતાં બંને ય મુમુક્ષુઓના હૈયામાં આ જ ભાવના હોય તે સહજ છે. રાષ્ટ્રનો અભ્યુદય થાય અને સમગ્ર બ્રહ્માંડના જીવો સુખી થાય એ જ તમન્ના સાથે બંને આત્માઓ સાધનાના પંથે પ્રયાણ કરી રહ્યા છે.

આ ભવ્ય શોભાયાત્રામાં પ્રભુજીનો સુંદર રથ, બંને મુમુક્ષુઓના રાજ મહેલની પ્રતિકૃતિવાળી બે ગાડીઓ, પૂજ્ય ઉપકારી ગુરુભગવંતોની છબીવાળી બે ઘોડાગાડીઓ, સુશોભિત ઊંટગાડીઓ, નવસારી અને સુરતના સુપ્રસિદ્ધ બેન્ડો, નાસિક ઢોલ, અનુકંપાની ગાડી, સારાધારી શ્રેષ્ઠીઓ, સાત ચોવીસી સમાજના કચ્છ-વાગડાના હજારો ગુરૂભક્તો, પૂ.આચાર્ય ભગવંતો, શ્રમણ-શ્રમણી ભગવંતો અને સમગ્ર સુરત તથા દેશ વિદેશથી મોટી સંખ્યામાં ભાવુકો ઉમટી પડ્યા હતા.

કાશ્મીર અને ઉત્તર ભારતમાં હિમ વર્ષાથી દક્ષિણ ગુજરાત ફરી ઠંડીમાં ઠુઠવાયુ

૪ ડીગ્રી તાપમાન ઘટ્યુ, નવસારીમાં ૭, વલસાડમાં ૧૧ અને સુરતમાં ૧૩ ડીગ્રી ઠંડી

સુરત

કાશ્મીર અને ઉત્તરાખંડમાં ફરી હિમવર્ષા તેમજ દિલ્હીમાં વરસાદના પગલે રાજ્યના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. ગતરોજની સરખામણીએ આજે દક્ષિણ ગુજરાતમાં સડસડાટ ૪ ડીગ્રી તાપમાન ઘટતા અને શીત લહેર છવાતા ફરી એક વખત ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૬ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૩.૧ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ અધિકતમ તાપમાન ૩૦ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૭.૬ ડીગ્રી નોંધાયું હતું. આમ એક જ દિવસમાં સડસડાટ ૪ ડીગ્રી અધિકતમ અને ન્યુનતમ તાપમાન ઘટતા ઠંડીનો અનુભવ થયો હતો. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૭.૧ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૦.૦ ડીગ્રી નોંધાયું હતું. આજે નવસારીમાં ઠુંઠવાઈ જવાય તેવી શીત લહેર છવાઈ હતી. દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રોની મદદ લેવાની ફરજ પડી હતી. વલસાડમાં આજે ન્યુનતમ તાપમાન ૧૧.૬ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૪.૨ ડીગ્રી નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં શીત લહેર છવાઈ છે. આગામી બે ત્રણ દિવસ સુધી ઠંડીનો ચમકારો યથાવત રહે તેવી શક્યતા છે.

તા.૧ ઉમીએ 'બેટી બચાવો બેટી બઢાવો' અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાશે

વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા તા.૧૩/૨/૧૯ના રોજ સવારે ૯-૦૦ કલાકે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી જિલ્લા પંચાયત કચેરી વલસાડથી નીકળી કલેક્ટર કચેરી રોડ, પોસ્ટ ઓફિસ, આવાબાઈ સ્કૂલ રોડ, આઝાદ ચોક થઈ મોંઘાભાઈ હોલ ખાતે પહોંચશે. આ રેલીમાં ઉપસ્થિત રહી લોકજન જાગૃતિ કાર્યક્રમમાં સહભાગી બનવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, વલસાડ દ્વારા અનુરોધ કરાયો છે.



ઈન્ડોર સ્ટેડિયમ ખાતે માર્શલ આર્ટ એકેડમી દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિરંકારી મિશન દ્વારા બનાવાયેલી સૌથી મોટી 'રોશન મીનાર'ને ગીનીજ બુકમાં સ્થાન

માનવ આકૃતિમાં ભાગ લેવા દેશભરમાંથી નિરંકારી ભક્તો આવ્યા હતા

સુરત

સુરત, સંત નિરંકારી મિશનના ૧૮,૭૭૦ શ્રધ્ધાળુ ભક્તો દ્વારા બનાવવામાં આવેલી એક રોશન મીનાર ની માનવ આકૃતિ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધાઇ છે. મિશન ને આ સૂચના ગિનીજ બુક ની રેકોર્ડ મેનેજમેન્ટ ટીમ દ્વારા ઈ-મેઈલ થી પ્રાપ્ત થઈ છે જેમાં કહેવામાં આવ્યું છે કે - × અમને આ સૂચિત કરતા ખૂબ જ પ્રશંસા થઈ રહી છે કે તમારા દ્વારા સૌથી મોટી રોશન મીનાર ની માનવ આકૃતિ નું આવેદન સફળ રહ્યું છે અને હવે તમે ગિનીજ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર બની ગયા છે. અતઃ તમને ગિનીજ વર્લ્ડ રેકોર્ડ નું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું છે.×

દક્ષિણ ગુજરાત ના પ્રભારી શ્રી ઓનકાર સિંહ જી જણાવ્યુ કે આ વર્લ્ડ રેકોર્ડ ઇવેન્ટ ૧૭ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ સદગુરુ માતા સુદીક્ષા જી મહારાજ ની દિવ્ય ઉપસ્થિતિ માં સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ, જી.ટી. રોડ, સમાલખા માં આયોજિત કારવામાં આવ્યું હતું. મિશન ના પૂર્વ સદગુરુ માતા સવિન્દર હરદેવ જી મહારાજ ને સમર્પિત કારવામાં આવ્યો હતો જે આ ચાહતા હતા કે પ્રત્યેક નિરંકારી ભક્ત એક પ્રકાશ સ્તમ્ભ બને અને ઈશ્વરીય જ્ઞાન ના અજવાળા ને વિશ્વ ના ખૂણા ખૂણા સુધી ફેલાવે.

એમણે જણાવ્યું કે આ રોશન મીનાર ની માનવ આકૃતિ માં ભાગ લેવા માટે નિરંકારી ભક્તો દેશ ભર થી આવ્યા હતા. જેમની ઉંમર ૧૮ થી ૬૫ સુધી નિર્ધારિત કરવામાં આવી હતી. કેટલાક ભક્તો એ દૂર દેશો થી આવીને પણ ભાગ લીધો. આ બધા નું રજીસ્ટ્રેશન પેહલા જ થઈ ગયું હતું. બધા મળીને લગભગ ૨૫,૦૦૦ ભક્તો એ નામ નોંધાવ્યું હતું. આ માનવ આકૃતિ માં ભાગ લેવાવાળા. બધા જ સદસ્યો સવારે ૭:૦૦ વાગ્યા થી એકત્રિત થઈ ગયા. બધા સદસ્યો ને પ્રબંધકો ની તરફ થી અલગ અલગ રંગો ની પોશાક આપવામાં આવી હતી જે એમના સ્થાન ના આધારે નિર્ધારિત કરવામાં આવી હતી. આ માનવ આકૃતિ માં કુલ ૫ રંગ હતા. અને આ પોશાક દરેક સદસ્યો ના માટે પેહલા થી પહેરેલા વસ્ત્ર ના ઉપર પહેરવા માટે હતી. આ માનવ આકૃતિ માં લગભગ ૫ કલાક નો સમય લાગ્યો હતો.

આગળ એમણે કહ્યું કે સુરત ના માટે પણ આ હર્ષ નો વિષય છે કે જે માનવ આકૃતિ ગિનીજ વર્લ્ડ રેકોર્ડ માં નોધણી થઈ છે, એમાં સુરત ના પણ નિરંકારી ભક્ત શામિલ રહ્યા હતા.

કામરેજના જોખા ગામે નજીવી બાબતે યુવકને મોતને ઘાટ ઉતાર્યા

સુરત

કામરેજ તાલુકાના જોખા ગામે આવેલા ફાર્મ હાઉસની પાછળ ખાવા કે રાંધવા બાબતના ઝઘડામાં યુવકના માથામાં લાકડાના ફટકા મારી હત્યા કરવામાં આવી હતી.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકામાં આવેલા ટેમ્બા ગામના વતની ઘનશ્યામભાઈ નાનજીભાઈ ઝઢફીયા હાલમાં સુરત શહેરના મોટા વરાછા અભ્રામાં રોડ પર આવેલી ગોકુલધામ સોસાયટીના ૩૨ નંબરના મકાનમાં રહે છે અને કામરેજ તાલુકાના જોખા ગામે ફાર્મ હાઉસ દરાવે છે. આ ફાર્મ હાઉસમાં કામ કરતા આરોપી કાપ મિલીયન થાંકો સોઈ સામતે અને મનુભાઈ દાદાભાઈ ગોહિલ સાથે ખાવા કે રાંધવા બાબતે ઝઘડો થયો હતો. જેમાં ઉશ્કેરાયેલા કાપમીલીયને લાકડાના ફટકા વડે હુમલો કરી મનુભાઈની હત્યા કરી નાંખી હતી. હત્યાના બનાવ અંગે ફાર્મ હાઉસના માલિક ઘનશ્યામભાઈ ઝડફીયાએ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

આહવાની એકલવ્ય મોડેલ સ્કૂલનું વિજય રૂપાણી દ્વારા જાહેર અભિવાદન

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલની શ્રેષ્ઠ કામગીરી સાથે વિવિધ પરીક્ષાઓ તથા સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ તાજેતરમાં દાહોદ ખાતે આયોજિત એક જાહેર કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સહિતના મહાનુભાવોના હસ્તે શાળાના આચાર્યશ્રીનું જાહેર સન્માન કરાયુ હતું.

સંસ્થા તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આહવાની આ શાળા ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલપમેન્ટ સોસાયટી-ગાંધીનગર તથા જ્ઞાનધામ ચેરીટેબલ ટ્રસ્ટ-વાપી દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે. આ શાળામાં ધોરણ-૬ થી ૧૨ સાયન્સ અને કોમર્સના વિષયોનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષોથી ધોરણ-૧૦માં આ શાળાએ ૧૦૦ ટકા પરિણામો મેળવવા સાથે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સને ૨૦૧૭/૧૮ દરમિયાન ૧૦૦ ટકા પરિણામ મેળવ્યુ હતુ. શાળાના આ ઉત્કૃષ્ટ દેખાવને કારણે તાજેતરમાં દાહોદ ખાતે આયોજિત રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ દરમિયાન આયોજિત એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સહિત કેન્દ્રિય મંત્રી શ્રી જશવંતસિંહ ભાભોર, સહિત રાજ્યના મંત્રીશ્રીઓ સર્વશ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરસિંહ પટેલ, બચુભાઇ ખાબડ સહિતના મહાનુભાવોના હસ્તે શાળાના પ્રિન્સિપાલ સોનલ મેકવાનનું જાહેર અભિવાદન કરાયુ હતું.

૫ પૈસાએ પોતાના પ્લેટફોર્મ પર સ્મોલકેસ ટેક્નોલોજી રજૂ કરી

સુરત

ભારતના સૌથી વ્યાજબી ડિસ્કાઉંટ બ્રોકર, ૫ પૈસા.કોમે સ્મોલકેસ ટેક્નોલોજીસની સાથે પોતાની ભાગીદારી પ્રારંભ કરવાની જાહેરાત કરી છે. આ ભાગીદારીનો હેતુ ગ્રાહકોને ઓછા ખર્ચના રોકાણ ઉત્પાદન ઉપલબ્ધ કરાવવાનો છે. ૫પૈસા.કોમ મોબાઈલ સ્ટોક ટ્રેડિંગ એપની પાસે ૨૦ લાખથી વધુ ગ્રાહક છે, જે કોઈપણ ડિસ્કાઉંટ સ્ટોક ટ્રેડિંગ એપ માટે સર્વાધિક છે.

સ્મોલ કેસીસ સ્ટોક તથા એક્સચેંજ ટ્રેડ ફંડ્સ (ઈટીએફ)નું બાસ્કેટ છે, જે રોકાણકારોને શૂન્ય ખર્ચ ગુણોત્તરની સાથે પોર્ટફોલિયો એક્સપોઝર પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. જો કે, સહજ સિક્યોરિટીઝ રોકાણકારોના ડિમેટ ખાતામાં રાખેલી હોય છે, આ માટે તેમને પોતાના રોકાણોમાં પૂર્ણ નિયંત્રણ તથા પારદર્શિતા મળે છે.

આ ભાગીદારી દ્વારા ૫પૈસાના ગ્રાહક થીમ્સ, વિચારો તથા કાર્યયોજનાઓ- જેવાં કે જીએસટી, સ્માર્ટ સિટીઝ, રોકાણની કાર્યયોજનાઓ, સેક્ટર ટ્રેકર્સ, સ્માર્ટ બીટા મૉડલ્સના આધાર પર સ્મોલકેસમાં રોકાણ કરી શકશે. ૫પૈસા રિસર્ચ ટીમના સ્ટોક્સના પોતાના સ્મોલકેસ પણ બનાવ્યા, જે વર્ષ ૨૦૧૯ના માટે તેમના સર્વોચ્ચ પિક છે અને તેમાં મજબૂત ફંડામેંટલ તથા અર્નિંગ મૂમેંટમ છે. લોન્ચ વિશે પ્રકાશ ગગદાની, સીઈઓ, ૫પૈસાએ જણાવ્યું, ×સ્મોલકેસ અમારી શોધ પ્રસતુતિઓમાં નવી રજૂઆત છે. અમને ખુશી છે કે પહેલી વારના રોકાણકારો હવે પોતાના પોર્ટફોલિયોનું નિર્માણ કરવા માટે સ્મોલકેસનો ફાયદો લઈ શકે છે.

ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે આત્મવિશ્વાસ હેલ્પલાઈન

વલસાડ

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનારા પરીક્ષાર્થીઓ પરીક્ષ બાબતે માનસિક ડર, હતાશા, ચિંતા, ઉન્માદ અનુભવતા હોય છે. માર્ચ-૨૦૧૯માં લેવાનારી પરીક્ષાના પરીક્ષાર્થીઓને આ પ્રકારના લક્ષણો અને મૂંઝવણ નિવારવા તેમજ વિદ્યાર્થીઓ તણાવમુક્ત તેમજ હકારાત્મક વલણ સાથે કારકિર્દીની સીમાચિન્હરૂપ જાહેર પરીક્ષામાં જવલંત સફળતા મેળવે તેવા ઉમદા હેતુથી વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે આત્મવિશ્વાસ હેલ્પલાઈન તા.૭મી ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી છે. જે હેલ્પલાઈનમાં મનોચિકિત્સક તરીકે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલ્લેજના ડાક્ટ. મનુભાઈ પરમારનો મોબાઈલ નંબર ૯૪૦૮૨૦૦૫૧૯ ઉપર સાંજે ૬-૦૦ થી રાત્રિના ૯-૦૦ દરમિયાન સંપર્ક સાધી શકાશે. આ ઉપરાંત કાઉન્સેલર તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિવિધ વિષયોના નિષ્ણાતો માર્ગદર્શન માટે રહેશે. જેનું લીસ્ટ https://www.facebook.com/100006304897569/posts/2407676162785857/ લીંક ઉપરથી મળી શકશે. વિદ્યાર્થી અને વાલીઓને આ હેલ્પલાઈનનો ઉપયોગ કરી મૂંઝવતા પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન મેળવવા વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

માલ પરત આપી દીધા બાદ પણ ચેકોમાં છેકછાક કરી બેંકમાં ભરી દીધા

સુરત

માલ ખરાબ નીકળતા પરત આપ્યા બાદ આપેલા ચેકો પરત નહીં આપી વેપારીએ ત્રણ ચેકમાં છેકછાક કરી દોઢ લાખ રૂપિયાની રકમ ભરી ચેક બેંકમાં નાંખી રિર્ટન થતા ચેક રિર્ટનની નોટિસ આપી માલ ખરીદનાર સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સીટીલાઈટ રોડ, મોનાલીસા પાર્કમાં રહેતાં સુમિત મૂલચંદ શેઠીયાએ આરોપી અજીતકુમાર ઉત્તમચંદ માલુ સહિતના વિરદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીએ આરોપી વેપારી પાસેથી માલ ખરીદી ત્રણ ચેકો આપ્યા હતા. ત્યારબાદ માલ ખરાબ નીકળતા ફરિયાદીએ માલ પરત આપી દીધો હતો અને ચેકો પરત માંગ્યા હતા. પરંતુ આરોપીએ ચેક પરત કરવાને બદલે ચેકમાં છેકછાક કરી બેંકમાં આ ચેકોનું સ્ટોપ પેમેન્ટ કરાવ્યું છતાં આરોપી વેપારીએ ચેક બેંકમાં જમા કરાવતા ચેક રિર્ટન થયા હતા. આ અંગે આરોપી વેપારીએ ફરિયાદીને ચેક રિર્ટન નોટિસ પણ આપી હતી. આમ આરોપીએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

વનરાજ કોલેજ ખાતે આરોગ્ય વિષયક જનજાગૃતિ વ્યાખ્યાનમાળા યોજાઈ



વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતેની વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા આરોગ્ય વિષયક જનજાગૃતિ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.અજીતભાઈ ચૌધરી, ડો.આઇ.સી.પટેલ, ડો.ઉપાસનાબેન પટેલ તથા તમાકુ નિયંત્રણ સેલના કૌશિકભાઈ વગેરેએ એન.એસ.એસ.ના સ્વયંસેવકોને વિવિધ રોગોની જાણકારી આપી તેમાંથી બચવાના ઉપાયો અંગે સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં આચાર્ય ડો.વી.ડી.પટેલ, પ્રોગ્રામ ઓફિસર ડો.શૈલેષ રાઠોડ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો હાજર રહ્યા હતા.









સીએ કદમ દોશી અને વિદિશા દોશીનો ભવ્યાતિભવ્ય વર્ષીદાન શોભાયાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈનો ઉપસ્થિત રહ્યા હતા.

માંગરોળની ધી સાવા જાગૃતિ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં

સુરત

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાની ધી સાવા જાગૃત્તિ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ને તા.૧૩/૦૧/૨૦૧૫ ના અંતિમ આદેશથી ફડચામાં લઈ જવામાં આવી છે. જેના ફડચા અધિકારી તરીકે શ્રી બી.ડી.ટેલરની નિમણુંક કરવામાં આવી છે. જેઓએ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ ચાર્જ સંભાળી લીધો છે. જેથી આ મંડળી સાથે હિતસંબંધ ધરાવનારાઓએ જે માંગણુ હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી બે માસમાં પુરાવા સાથે ફડચા અધિકારીઓ સંપર્ક સાધવાનો રહેશે. જો તેમ કરવામાં ચુક થશે તો તેમનું લ્હેણુ કે માંગણુ નોંધવામાં આવશે નહી અને મંડળીના ચોપડા પ્રમાણે મંડળીને આટોપી લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

ડાંગની વિદ્યાર્થિનીઓએ રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં મેડલ મેળવ્યો

આહવા

ડાંગ જિલ્લાના સાકરપાતળ સ્થિત સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સહિત સુબિરની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ કરાટેની રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા સાથે ચંદ્રકો મેળવીને ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

ગત તા.૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન આણંદ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની કરાટે ચેમ્પિયનશીપમાં ભાગ લઈને ડાંગની દિકરીઓએ બે ગોલ્ડ મેડલ સહિત બે સીલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલ મેળવીને તેમની ક્ષમતાનો પરિચય આપ્યો છે. કરાટે એસોસિએશન-આણંદ દ્વારા આયોજિત આ કોમ્પિટિશન જુદા જુદા કલર બેલ્ટ, અને વજનની કેટેગરીમાં આયોજિત કરવામાં આવી હતી. ડાંગ કરાટે એસોસિએશન સાથે સંકળાયેલી આ વિદ્યાર્થીનીઓની આ સફળતા બદલ ડાંગ જિલ્લાના કરાટે એસોસિએશનના ચેરમેન-વ-ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિત સહિત પ્રેસિડેન્ટ શ્રી નવજીભાઇ ભોયે, જોઇન્ટ સેક્રેટરી શ્રી હરીરામ સાવંત, વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અર્જુનભાઇ સોરટીયા અને રાજેશભાઇ ગામીતે સહયોગ અને પ્રોત્સાહન પુરૂ પાડયુ હતું. ડાંગ કરાટે એસોસિએશનના ચીફ કોચ અને જનરલ સેક્રેટરી શ્રી પી.આર.દીપકકુમાર દ્વારા તાલીમબદ્ધ થયેલી આ વિદ્યાર્થીનીઓનું, તત્કાલિન ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમાર સહિતના જિલ્લાના મહાનુભાવો, અને ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિત દ્વારા, વધઇ ખાતેના એક જાહેર કાર્યક્રમમાં પણ સન્માન કરાયુ હતું.

શાળાકીય રમતોત્સવમાં ઈશિતા ધામેલિયાએ પાંચ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવ્યો

સુરત

ધામેલિયા ઈશિતા રાજેશકુમારે પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલમાં શાળાકીય રમતોત્સવમાં પાંચ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવ્યો. પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ-અઠ્ઠામાંમાં ધો-૮મા અભ્યાસ કરતી ઈશિતા રાજેશકુમાર ધામેલિયાએ શાળાકીય રમતોત્સવમાં ૧૦૦મીટર દોડ, ૨૦૦મીટર દોડ, ઝીક ઝેક દોડ, રીલે રમત અને દોરડા ખેંચમાં એમ પાંચ રમતોમાં ગોલ્ડ મેડલ તેમજ સ્વિમિંગમાં સિલ્વર મેડલ સાથે કુલ ૬ મેડલ મેળવ્યા છે. ઈશિતા નેશનલ જિમ્નાસ્ટિક પ્લેયર છે. તે અત્યાર સુધીમાં રાજ્ય કક્ષાએ બે ગોલ્ડ, ચાર સિલ્વર અને સાત બ્રોંઝ મેડલ મેળવી ચૂકી છે. પાંચ નેશનલ કોમ્પિટિશનમાં ગુજરાતનું તેણે પ્રતિનિધિત્વ કર્યું છે. અભ્યાસ સાથે રમતગમત ક્ષેત્રે પણ સિદ્ધિ મેળવવા બદલ શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

સુરતમાં પબજી કે આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરતી ગેમો પર પ્રતિબંધ

પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું જારી

સુરત

સુરત શહેરમાં જાહેર હિત અર્થે યુવા અને બાળકોના કુમળા માનસ પર વિપરીત અસર કરતી પબજી કે આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરતી બ્લ્યુ વ્હેલ ગેમો પર પોલીસ કમિશનરશ્રી સતીશ શર્માએ એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ જાહેર કર્યો છે.

જાહેરનામા પ્રમાણે પબજી તેમજ બ્લ્યુ વ્હેલ/ બ્લ્યુ વ્હેલ ચેલેન્જ મારફતે કયુરેટરના એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરીત કરવા અથવા સાથો સાથ જે પણ વ્યકિતને કોઈપણ અન્ય વ્યકિત એવી ગતિવિધિમાં ભાગ લે છે તેવું ધ્યાને આવે તો નજીકના પો.સ્ટેશનમાં અથવા પોલીસ કંટ્રોલ રૂમમાં મૌખીક કે લેખિત જાણ કરવા જણાવાયુ છે.

જાહેર જનતાના તથા બાળકોના હિત માટે ઈન્ટરનેટ પ્રોવાઈડ કરતી તમામ મોબાઈલ કંપનીઓ તથા ગુગલ ઈન્ડિયા, ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, માઈક્રોસોફટ જેવી તમામ કંપનીઓએ પબજી, બ્લ્યુ વ્હેલ ચેલેન્જ ગેમ તથા તેના નામે મળતી આવતી અન્ય રમતોની કોઈ પણ લિંક પોતાની કંપની મારફતે ઉપયોગમાં લેવાતી હોય તો તે હટાવી દેવાની રહેશે. અપવાદ તરીકે ગુનાની તપાસની કામગીરી તથા શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ લાગુ પડશે નહી. આ હુકમ તા.૧૫/૦૩/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

વરાછા-કાપોદ્રામાં લોકોની ટ્રાફિક પોલીસ સાથે માથાકૂટ યથાવત

કાપોદ્રા હીરાબાગ સર્કલ પાસે ટ્રાફિક કેઈન ઉપર હુમલો : વાહનો છોડાવી ગયા

સુરત

વરાછા- કાપોદ્રા વિસ્તારમાં ટ્રાફિક પોલીસ સાથે માથાકૂટ કરવાની ઘટનાઓ વધતી જાય છે. હીરાબાગ સર્કલ પાસે કારમાં સવાર ચાર જણાએ ટ્રાફિક પોલીસ કેનના માણસો ઉપર હુમલો કરી ટ્રાફિક નિયમનના ભંગ બદલ કબજે કરાયેલી મોટર સાયકલો લઈ ગયાનો બનાવ બન્યો હતો.

આ ઘટના સંદર્ભે હે.કો. ખીમાભાઈ રામભાઈ ટ્રાફિક કેઈન નં.૩૦ના ઈન્ચાર્જએ આરોપી અલ્પેશ ચંદુ બાલધા, નિતીન દિલીપભાઈ પડાલીયા તથા અન્ય બે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ કારમાં ધસી આવી કેઈનની આગળ કાર મુકી કેઈનની ચાવી ખેંચી લઈ ફરિયાદી ટ્રાફિક પોલીસ ખીમાભાઈ ઉપર હુમલો કરી મોબાઈલ ફોન ઝુંટવી લઈ મજૂરોને જાનથી મારી નાંખવાની ધમકી આપી ટોઈંગ કરેલા બાઈકો છોડાવી ગયા હતા. કાપોદ્રા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંક્સ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

मढीवाला
लिनीमेन्ट अने पेनबाम
सांधा, कम्मर, गरदन, नशानां दुखावा माटे असरकारक
022-24147642
022-24147643
उत्पादकः
रेमेडीझ फार्मास्युटिकल्स
Madhivala LINIMENT
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના
ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, ભુંટેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, કિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : २३६८६११,२३४४९११ ● E-mail : info@mugatlalbsons.com

શહેરમાં સવારે ૭ વાગ્યા પહેલા અને સાંજે ૯ વાગયા પછી ટ્યુશન ક્લાસ ચાલુ રખાશે નહીં

ટ્યુશન ક્લાસમાં ફરજીયાત સીસીટીવી કેમેરા ગોઠવવા જરૂરી

સુરત

સુરત શહેરમાં ટયુશન કલાસીસમાં અભ્યાસ કરવા માટે જતી વિદ્યાર્થીનીઓની એકલતાનો લાભ લઈ છેડતી તથા ગંભીર પ્રકારના ગુનાઓ બનતા રહે છે. તેમજ ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતાને જોતાં જાહેર હિતમાં વિદ્યાર્થીનીઓની સલામતી માટે સૂરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચાલતા શૈક્ષણિક ટયુશન કલાસીસ ઉપર અમુક પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાતા એ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે શહેર પોલિસ કમિશનરશ્રીએ એક જાહેરનામુ બહાર પાડયુ છે.

જે મુજબ સૂરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સવારે ૭ વાગ્યા પહેલા અને સાંજના ૯ વાગ્યા પછી ટ્યુશન કલાસ ચાલુ રાખવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે. તેમજ ટ્યુશન કલાસીસના સંચાલકો/માલિકો ઓ એ ટ્યુશનની જગ્યાએ અંદરના ભાગે તથા બહારના ભાગે રોડ સુધી કવર થાય તે રીતે તેમજ વિદ્યાર્થીનીઓ તથા અવર-જવર કરતા તમામ માણસોના ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી રીતે સારી ગુણવત્તાવાળા અને વધુરેન્જના સી.સી.ટી.વી (આઇ.પી) લેસ ૧.૩ મેગા પિક્સલ કેમેરા ગોઠવવા તેમજ આ કેમેરાઓનું રેકોર્ડીંગ ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાનું રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા ૨૪ કલાક સતત ચાલુ રહે તે જોવાની જવાબદારી સંચાલક/ માલિકની રહેશે. હયાત તમામ ટયુશન કલાસીસના સંચાલકોએ આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાના સાત (૭) દિવસમાં જાહેરનામા મુજબની કાર્યવાહી કરવાની રહેશે, અને નવા શરૂ થતાં કલાસીસના સંચાલકોએ આ વ્યવસ્થા કર્યા બાદ જ કલાસ શરૂ કરવાના રહેશે. જાહેરનામાનો અમલ તા.૧૯/૦૩/૨૦૧૯ સુધી રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

આહવાની વિજ્ઞાન કોલેજમાં એન.એસ.એસ. કેમ્પ યોજાયો

સ્વચ્છતા અભિયાન સહિતના જનજાગૃતિ કાર્યક્રમ યોજાયા

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સરકારી વિજ્ઞાન કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ૭ દિવસીય વાર્ષિક એન.એસ.એસ. કેમ્પ તાજેતરમાં ગોંડલવિહીર ગામે યોજાઇ ગયો. કૉલેજના પ્રિન્સિપાલ શ્રી એન.એમ. ટંડેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત આ શિબિર દરમિયાન કૉલેજના વિદ્યાર્થીઓએ ફૂલગુલાબી ઠંડીમાં અવનવી સેવાકિય પ્રવૃત્તિઓમાં જોડાઈને તેમનું સામાજિક દાયિત્વ અદા કર્યુ હતું. દરમિયાન ગોંડલવિહીર ગામમાં પ્રભાતફેરી સહિત સ્વચ્છતા અભિયાન, મતદાર જાગૃતિ અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો વિષયક જનજાગૃતિ કાર્યક્રમો આયોજિત કરાયા હતા. શિબિર દરમિયાન તા.૩૧મી જાન્યુઆરીએ વિશ્વ જાદુગર દિવસની ઉજવણીના ભાગરૂપે શિબિરાર્થીઓએ અંધશ્રદ્ધા નિવારણના કાર્યક્રમનું પણ આયોજન કરાયુ હતું. જ્યારે આરોગ્ય કર્મચારીઓના સહયોગથી ગ્રામજનોની આરોગ્ય ચિકિત્સા સાથે વ્યસનમુક્તિના કાર્યક્રમો પણ યોજાયા હતા. જિલ્લાના નડગ્યા દેવ પર્વત ઉપર ટ્રેકિંગ સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોથી વિદ્યાર્થીઓને માહિતગાર પણ કરાયા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.જગદીશ ચૌહાણની આગેવાની હેઠળ સ્વયંસેવકોના જુદા જુદા ગૃપ રચી, તેમને સામાજિક જવાબદારીના પાઠ પણ શીખવાડવામાં આવ્યા હતા.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર કવાલ ખાતે ગ્રામ્ય કમલકપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહ્યા



વલસાડ

વલસાડ જિલ્લાના કવાલ ખાતે વાપી તાલુકા પંચાયત તથા વાપી તાલુકા સરપંચ સંઘ આયોજિત ગ્રામ્ય કમલકમ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિત રહી ક્રિકેટ ખેલાડીઓને ખેલદીલી પૂર્વક રમવાની પ્રેરણા આપી હતી. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશને મજબૂત બનાવવામાં યુવાનોનો ફાળો મહત્ત્વનો છે અને ક્રિકેટ જેવી રમતો સંગઠિત બનવાની પ્રેરણા આપે છે ત્યારે દેશના હિત માટેના કાર્યોમાં યુવાનો ખભેખભા મીલાવી સંપૂર્ણ સહયોગ આપે તે જરૂરી છે.

ટુર્નામેન્ટની ફાઇનલ મેચ કરાયા અને પંડોરની ટીમ વચ્ચે રમાઇ હતી. જેમાં કરાયાની ટીમે પ્રથમ દાવ લઇ ૬૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જે લક્ષ્યાંક પંડોરની ટીમે ૩.૩ ઓવરમાં જ પૂર્ણ કરી વિજેતા બની હતી. આ અવસરે વાપી તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઇ પટેલ, સરપંચ કરૂણાબેન, અગ્રણી મનોજભાઇ પટેલ, મહેશભાઇ ભટ્ટ, ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન કમિટિના સભ્યો, જિલ્લા/તાલુકા પંચાયત સદસ્યો, રહી ક્રિકેટ ખેલાડીઓ હાજર રહ્યા હતા.

કોર્ટના હુકમનો અનાદર કરનાર પીએસઆઈ બી.બી. ભોલા સામે ધરપકડ વોરંટ જારી થયું

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે કાર્યરત ત્રીજી એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં સેશન્સ કેસ નં.૭/૨૦૧૮ અંતર્ગત સી.આર.પી.સી. કલમ-૩૧૧ હેઠળ કોર્ટના સાક્ષી તરીકે ઉપસ્થિત રહેવાના સમન્સને નજરઅંદાજ કરીને, ન્યાયપાલિકાની અવગણના કરવા બદલ, સૂરત ચોક બજાર સ્થિત સી.આઇ.ડી. ક્રાઇમના પી.એસ.આઇ. શ્રી બી.બી.ભોલા સામે ન્યાયપાલિકાએ લાલ આંખ કરી, તેમની ધરપકડ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર આહવાના ત્રીજા એડિશનલ ડિસ્ટ્રીક્ટ જડ્જ દ્વારા કોર્ટ તથા કોર્ટ કાર્યવાહી સામે ઉદ્ધતાઈભર્યુ વલણ દાખવનારા પોલીસ અધિકારીને, એક સરકારના જવાબદાર અમલદારને છાજે નહીં તેવા વાણી, વર્તન અને વ્યવહાર બદલ આડે હાથે લેવામાં આવ્યા છે.

ગત તા.૩૧/૧/૨૦૧૯ના રોજ ઈસ્યૂ કરેલ સમન્સનો કોઇપણ લેખિત કે મૌખિક જાણ કર્યા વિના જાણીબુઝીને અનાદર કરીને, કોર્ટમાં હાજર ન રહી કોર્ટ તથા પ્રવર્તમાન કાયદાઓનો અનાદર કરવા સાથે, ખૂબ જ ઉદ્ધતાઈપૂર્વક સરકારી વકિલને વોરંટ કાઢવાનુ જણાવતા, આહવા ન્યાયપાલિકાના ન્યાયાધિશ શ્રીએ આઇ.પી.સી. કલમ-૧૭૪ મુજબ તેમની સામે ગુન્હો કેમ દાખલ ન કરવો, સાથે સમરી પ્રોસીડીંગ્સ કરાવી, કાયદામાં નિયત સજા સહિત ક્રિમીનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી કેમ ન કરવી તે બાબતની નોટીસ સાથે, ધરપકડ વોરંટ જારી કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત સૂરત પોલીસ કમિશનરશ્રીને સી.આર.પી.સી. કલમ-૭૨, ૭૩, ૭૮, ૭૯, ૮૦ અને ૮૧ મુજબ શ્રી બી.બી.ભોલાની ધરપકડ કરી યોગ્ય પગલા લેવાની જાણ પણ કરવામાં આવી છે. વધુમાં આવા બેજવાબદાર પોલીસ અધિકારી સામે ડીપાર્ટમેન્ટલ ઇન્ક્વાયરી હાથ ધરી, તે અંગેની જાણ કોર્ટને કરવાનું પણ સૂરત પોલીસ કમિશનર સહિત ગુજરાત રાજ્યના ડી.જી.શ્રીને પણ જણાવાયુ છે. કોર્ટના આ કડક રવૈયાથી ન્યાયપાલિકાની અવગણના કરતા અમલદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

અમરોલી ખાતે રહેતા સમિતાબેન મેદપરા લાપતા

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી.ના જણાવ્યાં અનુસાર, તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ જે/૩૦૪, પંચદેવ રેસિડેન્સી, ભક્તીનંદન ચોક, સિસિલીયા સ્ક્વેરની સામે, મોટા વરાછા ખાતે રહેતા ૧૮ વર્ષીય સમિતાબેન નિલેશભાઈ ઉકાભાઈ મેદપરા લાપતા થયા છે. તેઓ શરીરે મજબુત બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઉંચાઈ ૫.૬ ફૂટ છે. તેમણે શરીરે પીળા કલરનો ડ્રેસ પહેરલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવી.

સૈયદપુરા કાકરા શેરીમાં મહિલાની ઠંડા કલેજે હત્યા

લાલગેટ પોલીસે બે વ્યક્તિની શંકાના આધારે પૂછપરછ હાથ ધરી

સુરત

સૈયદપુરા કાકરા શેરીમાં એક મહિલાની ઘાતકી હત્યા કરેલી લાશ મળી આવતા લાલગેટ પોલીસ દોડતી થઈ ગઈ હતી. લાલગેટ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સૈયદપુરા કાકરા શેરી ઘર નં.૭/૨૦૪૧માં રહેમત ઉર્ફે રેશ્મા કૃષ્ણકાંત શાસ્ત્રી (વિધવા) ઉ.વ.૪૦ની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રે નવેક વાગ્યા પહેલા કોઈ અજાણ્યા વ્યક્તિએ આ મહિલાના ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતારી હતી. બનાવ અંગે લાલગેટ પોલીસે રામપુરા લોખાત હોસ્પિટલની કેન્ટીનમાં રહેતા ગોપાલસિંગ જશવંતસિંગ પવારની ફરિયાદ લઈ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. લાલગેટ પોલીસ મથકના પીઆઈ એ.એસ. પાટીલે તપાસ હાથ ધરી છે અને બે શકમંદ વ્યક્તિની પૂછપરછ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	ડિપ્લોમા ઓફ સાયન્સ ઈન નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (કાયદેસરનું સાયન્સ)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (કાયદેસરનું સાયન્સ)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓને એડમીશન લેવાનું બાકી છે તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા રૂપ નથી
- એમ.સી/એમ.ડી. અને વધારેમાં વિદ્યાર્થીઓને સરકારીધોરણ મુજબની આકારણી અને ફી રાખવામાં આવેલ છે
- બહેન વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ની સગવડ
- એક જ વિદ્યાલયમાં ૩૫ વર્ષથી વધારે ઉંમર ધરાવતી ગુજરાતની એકમાત્ર ૩૫૦ પથારી ધરાવતી હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ આવેલી હોય તેવી એકમાત્ર
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો દ્વારા-અલગ-અલગ વિષય અને સુદૃઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, જુદા જુદા ક્લાસિક જમવાની સુવિધા તેમજ વ-વિધ સાંસ્કૃતીકોની સુવિધા
- જુદા જુદા કોર્સની ખાલી રહેતી બેઠકોના ભરવા માટે ધોરણ ૧૨ પછીના કોર્સની જાણકારી માટે આપનો સંપર્ક કરો.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિજાતિય તુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકાવવાં સમાન મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાચે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગતે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહેનત કમિશનની ઉપાડેલા રૂપિયા કામ મુજબ વધેલ આવકમાંથી ચુકવવા જશે, જે માટે સાચે દરજીયાત કોઇક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઇચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવ્હા થકમ મેળવી અમ્યા કમાયેલા પૈસામાંથી

(PLAN - A)

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

(PLAN - B)

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

માત્ર ૫૫૦/-માં
માત્ર ૩૦૦૦/-માં

બાકીના ૧૭૫૦/- (ત્રીસો બોંતેર રૂપિયા) આપનો કોડ એક વર્ષ સુધી ઉપયોગ કરી શકશો. જેના માટે આપે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.
બાકીના ૨૭૦૦/- (ત્રીસો બોંતેર રૂપિયા) આપનો કોડ ત્રીજા વર્ષ માટે ઉપયોગ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ ઉપયોગ કરવાથી હંમેશા કમાવાની તક મળતી રહે.
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com





રાજપીપળા પાલિકાની બોર્ડ મિટિંગ લગ્નસિઝનને કારણે મુલત્વી....પ્રજાના અટવાયેલા પ્રશ્નોનું શુ?

રાજપીપળા પાલિકા બોર્ડ મિટિંગ માટેના ૪ તારીખે નીકળેલા સર્કયુલરમાં પેટા ચૂંટણીમાં ચૂંટાયેલા કોંગ્રેસી સભ્યનું નામ ન્હોતું,આ મામલે કોંગ્રેસી સભ્યએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

હાઈકોર્ટના નિર્ણય બાદ રાજપીપળા પાલિકાએ કોંગ્રેસી સભ્ય ચંદ્રિકા વસાવાનું નામ દાખલ કરી નવું સર્કયુલર બહાર તો પાડ્યું પણ અચાનક કેમ બોર્ડ મુલતવી રહ્યું એ યક્ષ પ્રશ્ન.

રાજપીપળા:રાજપીપળા પાલિકાના ઈતિહાસમાં વર્ષો બાદ ભાજપને પૂર્ણ બહુમત મળ્યો હતો.તે સમયે પ્રથમ અઢી વર્ષના કાર્યકાળ દરમિયાન વિવિધ સમિતિઓની રચના ન થતા ભાજપના જ અમુક સભ્યોમાં છૂપો રોષ ફેલાયો હતો.બીજી અઢી વર્ષની ટર્મ માટે યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ તરીકે જીગીશા ભટ્ટ ચૂંટાયા હતા.બાદ એમણે સમિતિઓની રચના અને બીજા હિસાબી કર્યો માટે ૮મી ફેબ્રુઆરીએ બોર્ડ મિટિંગ બોલાવી હતી,એ મિટિંગ માટે ૪ તારીખે સર્કયુલર પણ જાહેર કર્યુ હતું.હવે અચાનક રાજપીપળા પાલિકા પ્રમુખે ૮મી તારીખની બોર્ડ મિટિંગ મુલતવી રાખતો હુકમ કર્યો છે. હવે રાજપીપળા પાલિકા પ્રમુખે ક્યાં કારણોસર બોર્ડ મિટિંગ મુલતવી રાખી એ મોટો પ્રશ્ન છે.રાજપીપળા પાલિકા વિસ્તારના ઘણા પ્રશ્નો મુદ્દે આ બોર્ડ મિટિંગમાં ચર્ચાઓ થવાની હતી.રાજપીપળા પાલિકા પ્રમુખ દ્વારા તો બોર્ડ મિટિંગ મુલતવી રાખતો હુકમ કરી દીધો.પણ હવે જ્યાં સુધી બીજી બોર્ડ મિટિંગ ન મળે ત્યાં સુધી પ્રજાના પ્રશ્નો તો અટવાયેલા જ રહેવાના,પ્રજાના પ્રશ્નોનું શુ?

લગ્નસિઝનને કારણે બોર્ડ મુલતવી રાખ્યું છે:જીગીશા ભટ્ટ, રાજપીપળા પાલિકા પ્રમુખ

આ મામલે રાજપીપળા પાલિકા પ્રમુખ જીગીશા ભટ્ટે જણાવ્યું હતું કે અનિવાર્ય સંજોગો અને હાલ લગ્નસિઝન ચાલી રહી છે,કેટલાક સભ્યો લગ્નમાં હોવાથી હાજર રહી શકે એમ નથી.અને બોર્ડના હાજર રહેવા મુદ્દે કોંગ્રેસના સભ્ય ચંદ્રિકા વસાવા હાઈકોર્ટમાં ગયા છે અને સ્ટે પણ આવી ગયો છે. લગ્નસિઝન અને કોર્ટ મેટરને કારણે આ બોર્ડ મુલતવી રખાયું છે.આ તો ચૂંટણી લક્ષી બોર્ડ હતું એટલે ફરીવાર બોલાવી લેશો.

પ્રમુખનો આદેશ હતો બોર્ડ મુલતવી રાખવાનો:અમિત પંડ્યા,મુખ્ય અધિકારી રાજપીપળા પાલિકા

રાજપીપળા પાલિકા મુખ્ય અધિકારી અમિત પંડ્યાએ જણાવ્યું હતું કે પાલિકા પ્રમુખનો એવો હુકમ છે કે હાલ કોર્ટ મેટર છે એટલે કાયદાકીય પ્રશ્નો ચર્ચા ન થઈ શકે એટલે બોર્ડ મુલતવી રાખવું.કોંગ્રેસના સભ્યને બોર્ડમાં હાજર રાખવા બાબતે કોંગ્રેસ હાઈકોર્ટ ગઈ હતી,કોર્ટના આદેશ મુજબ આપણે કોંગ્રેસી સભ્યને બોર્ડમાં હાજર રહેવા એજન્ડાથી બજવણી કરી,પણ એ દરમિયાન પ્રમુખે બોર્ડ મુલતવી રાખવા હુકમ કર્યો છે.

હાઈકોર્ટના આદેશ મુજબ પાલિકાએ બજવણી કર્યા બાદ કેમ બોર્ડ મુલતવી રખાયું?-મુનતેઝીર ખાન પઠાણ

આ મામલે રાજપીપળા પાલિકા વિપક્ષ નેતા મુનતેઝીર ખાને જણાવ્યું હતું કે પેટા ચૂંટણીમાં અમારા સભ્યની જીત બાદ બોર્ડ મિટિંગ માટે જાહેર કરેલા સર્કયુલરમાં અમારા જીતેલા સભ્યનું નામ નહોતું,આ મામલે મેં પાલિકા મુખ્ય અધિકારીને રજુઆત કરી હતી.અમે આ મામલે હાઈકોર્ટમાં ગયા હતા અને કોર્ટે અમારા સભ્યને હજાર રાખવા હુકમ કર્યો.એ હુકમ મુજબ અમારા સભ્યને હાજર રાખવા એજન્ડા જાહેર કર્યા બાદ પણ કેમ બોર્ડ મુલતવી રખાયું દાળમાં જરૂર કાઈ કાળું લાગે છે.રાજપીપળા નગરપાલિકાના મુખ્ય અધિકારી ભાજપના ઈશારે કામ કરે છે.રાજપીપળા પાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારીને શુ નિર્ણય લેવો એની ખબર પડતી નથી.

રાજપીપળા ખાતે ગણપતિ દાદાની વર્ષગાઠના હવનમાં ચમત્કાર જોવા ભક્તોની ભીડ





રાજપીપળા : રાજપીપળા દરબાર રોડ પર આવેલા પૌરાણિક ગણેશ મંદિરમાં શુક્રવારે ગણેશ જયંતી નિમિત્તે કરેલા હવનની જ્યોત માં ૐ અને ગણેશની કૃતિના દર્શન થતા હવન માં હાજર ભક્તોએ પ્રત્યક્ષ ગણપતિદાદા ના દર્શન નો લ્હાવો લીધો ત્યારબાદ આ વાત વાયુવેગે શહેરમાં પ્રશરત આ મંદિર ખાતે હવનની જ્વાળા માં ૐ અને ગણેશ ની કૃતિના દર્શન કરવા ભક્તોની ભારે ભીડ જમા થઈ હતી. મંદિરના મહારાજ શ્રી મહેશભાઇ ઋષિ એ આ ઘટનાને એક ચમત્કાર ગણાવી દાદા એ ભક્તોને દર્શન આપવા હવનમાં હાજરી આપી હોવાનું જણાવ્યું હતું.

પ્રધાનમંત્રી કિશાન સમ્માન નીધિ (PM-KISAN) યોજના હેઠળ ખેડૂતોને ઓનલાઈન અરજી કરવા અનુરોધ

રાજપીપળા : પ્રધાનમંત્રી કિશાન સમ્માન નીધિ (PM-KISAN) યોજના હેઠળ નાના/સિમાંત ખેડૂત પરિવાર કે જેઓ હે.૨-૦૦-૦૦ ચો.મી. (૨ હેક્ટર) થી ઓછી જમીન ધરાવતા હોય તેઓને સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે તો જે ખેડૂત નર્મદા જિલ્લાના વિસ્તારમાં હે. ૨-૦૦-૦૦ ચો.મી. (૨ હેક્ટર) થી ઓછી જમીન ધરાવતા હોય તેઓએ બેન્ક પાસબુકની નકલ તથા આધારકાર્ડની નકલ તથા મોબાઈલ નંબરની વિગતો લઇ સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે. જો સંયુક્ત ખાતે જમીન ધરાવતા હોય તો તમામ ખાતેદારોએ રૂબરૂ ગ્રામ પંચાયત ખાતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે સંબંધિત તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક સાધવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, નર્મદા (રાજપીપળા) તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

નર્મદાનું પાણી બેક્ટેરિયા, એમોનિયા, સલ્ફાઈડનું પ્રમાણ નહિવત જયારે ઓક્સિજન નોર્મલ થતા હવે પીવા યોગ્ય : પાણી પુરવઠા બોર્ડ



નર્મદાનું પાણી શુદ્ધ છે તેને પી શકાય તેમ છે તમામ ટેસ્ટો નોર્મલ આવ્યા છે જેથી કોઈએ ડરવું નહી , પાણીનો બેકટરેલોજિકલ, ઓકસીલોજિકલ,સહિતના ટેસ્ટો નોર્મલ આવ્યા છે એ રિપોર્ટ બાદ પાણી ફિલ્ટર પ્લાન્ટમાં કલોરીનેશન કરીને શુદ્ધ પાણી ગામોમાં પહોંચાડવામાં આવે છે જેથી ચિંતા કરવાની જરૂર નથી. - આર.વી.ઝા — નાયબ કાર્યપાલક ઈજનેર, પાણી પુરવઠા વિભાગ,નર્મદા જિલ્લો

પાણી પુરવઠા વિભાગ દ્વારા ફિલ્ટર પ્લાન્ટો શરૂ કરી દેવાયા : અધિકારીઓએ પહેલા પાણી પીધું પછી પ્લાન્ટ શરૂ કર્યો

રાજપીપળા : નર્મદા ડેમ અને કેનાલનાં પાણીમાં સલ્ફાઇડ વધી જવાનાં કારણે પાણીમાં ગંધ આવતી હોય,તાત્કાલીક અસરથી ૧૩૮ ગામોને ફિલ્ટર વોટર પૂરૂ પાડતી બે યોજના બંધ કરીને તાત્કાલીક પાણીનાં નમુના મેળવીને લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા હતા. બે દીવસ પહેલા જ પાણીનાં રીપોર્ટ આવતા નર્મદા કેનાલનાં પાણી આધારીત યોજનાઓ પૂનઃ શરૂ કરાઇ છે. હાલ તમામ ૧૩૮ ગામોને પીવાનું પાણી પૂરૂ પાડવાનું પૂનઃ શરૂ કરાયુ છે. આ યોજનાઓ માટે નર્મદાની મુખ્ય કેનાલમાંથી રો વોટર મેળવીને પ્લાંટમાં સુધ્ધીકરણ કરાય છે અને ફટકડી નાંખ્યા બાદ યોગ્ય પ્રકીયાથી ક્લોરીનેશન પણ કરવામાં પણ આવે છે. અને પુરતી ખાતરી બાદ જ પાણી આપવામાં આવી રહ્યુ છે. બીજી બાજુ પાણી પુરવઠા વિભાગે આગામી મહીના સુધી દરરોજ આ પાણીનાં સેમ્પલ મેળવીને ચકાસણી કરવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે, કેનાલમાંથી પ્રોસેસીંગ પ્લાન્ટમાં પાણી લેતી વેળા જ પાણીમાં આવતી ગંધ પારખી જતા તાત્કાલીક અસરથી પાણી બંધ કરાયુ હતુ જેથી હવે દુધથી દાઝેલ પાણી પુરવઠા વિભાગ છાસ પણ ફુંકી ફુંકીને પિતા હોય તેમ વધુ કાળજી રખાઇ રહી છે.

સરદાર સરોવરના પાણીમાં દુષિત પદાર્થને કારણે જે માછલીઓ ના મોત થયા હતા જેને લઈને એમોનિયા અને સલ્ફાઈડ નું પ્રમાણ પાણીમાં વધ્યું હતું થે ઓ?સિજનની ાત્ર ઘટી હતી ત્યારે રાજયમાં પાણીના પ્રશ્ને હાહાકાર મચ્યો હતો, સરકાર પણ ભીસમાં આવી હતી ત્યારે હવે આ જોખમ ટળ્યું છે નર્મદા બંધનતળાવ થી લઈ ઓ પેરામિટ, થી લઈ ૬૬ પેરામીટર સુધીના પાણીને ટેસ્ટિંગ કરવામાં આવતા જિલ્લા પાણી પુરવઠા બોર્ડ ના આધિક્ષક ઈજનેર અનિલ ગર્ગ, સાથે ના.કા.ઈજનેર આર.વી.ઝા સાથેની સમગ્ર ટીમ કામે લાગી અને તમામ ટેસ્ટિંગ કરવામાં આવ્યું આ રિપોર્ટ નોર્મલ આવ્યો છે જેમાં બેક્ટેરિયા, એમોનિયા, સલ્ફાઈડ નું પ્રમાણ નહિવત જયારે ઓક્સિજન નોર્મલ થતા હવે પીવા યોગ્ય થઈ જતા પાણી પુરવઠા વિભાગ દ્વારા ફિલ્ટર પ્લાન્ટો શરૂ કરી દેવાયા અને પાણી પુરવઠા વિભાગ ના અધિકારીઓએ પહેલા પાણી પીધું પછી પ્લાન્ટ શરૂ કર્યો જેથી લોકોમાં પાણી પીવા અંગે કોઈ ડર ના રહે.

દેડીયાપાડાના ખૈડીપાડા ગામે યુવાનની ગળે ટૂંપો દઈ કરપીણ હત્યા કરતા ચકચાર

આડાસંબંધને કારણે ગળે ટૂંપો આપી મારી નાખી મહુડાના ઝાડા સાથે દોરડું બાંધી લટકાવી દીધો હોવાની શંકા

રાજપીપળા : ડેડીયાપાડા તાલુકાના ખૈડીપાડા ગામે યુવાનની હત્યાને લઈને રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે ડેડીયાપાડા પોલીસે હાલ શકમંદમાં ગામના બે ઈસમો સામે ફરિયાદ નોંધી છે. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં આડાસંબંધ હોવાનું બહાર આવ્યું છે જેથી પોલીસે આ દિશામાં તપાસ ચલાવી રહી છે આ હત્યાના કેશમાં કેટલા લોકો સંડોવાયેલા છે તે પોલીસ તપાસમાં બહાર આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડાના ખૈડીપાડા ગામે કુવાવાળુ ફળીયામાં રહેતા સોમીબેન ગંભીરભાઇ વસાવાએ ડેડીયાપાડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગામના અમરસીંગ વેસ્તા વસાવા અને રાજેશ કાલીયા વસાવા એ રૂપસિંગ વેસ્તા વસાવા ઘરની બહાર નીકળેલ તે વખતે તેને માર મારી ગળે ટુપો આપી મારી નાખી ગામની સીમમાં એક ખેતરમા આવેલ મહુડાના ઝાડ સાથે દોરડુ બાંધી લટકાવી દીધો છે જે બાબતે પોલીસે શકમંદ ના આધારે આ બે સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં આ મૃતક યુવાનનો ગામની છોકરી સાથે આડો સંબંધ હોવાની વાત બહાર આવી છે અને જેની રીસ રાખી આ યુવાનને મોતને ઘાટ ઉતારી દેવાયો છે ત્યારે આ બાબતે પોલીસ સત્યતા તપાસી રહી છે જો એમ હશે તો પોલીસ ગુનેગારોને શોધી તેમની સામે પગલાં લેશે .

પાંચ લાખ રૂપિયા માટે સાસરીયાએ પરિણીતાને ધમકી આપી

મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

સુરત

પાંચ લાખ રૂપિયા માટે સાસરિયાએ પરણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ મહિલા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા રોડ શિલ્પા પાર્ક સોસાયટીમાં સમર્પણ એપારમેન્ટ રહેતા રાહુલભાઈ રશ્મિનભાઈ ભુવા(પતિ), છાયા બેન રશ્મિભાઈ ભુવા સાસુ રામજી ભુવા સસરા બીયર નિરવભાઈ વિરુદ્ધ પરણિતાએ આપેલી ફરિયાદ મુજબ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં મારઝૂડ કરી પાંચ લાખ રૂપિયાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી શારીરિક-માનસિક ત્રાસ ગુજાર્યો હતો. મહિલા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ઉધનામાં ગુડલક મોબાઈલની દુકાનમાંથી ૨ લાખની ચોરી

ઠંડીનો લાભ લઈ તસ્કરોએ શટર ઉંચુ કરી મોબાઈલ અને રોકડનો હાથફેરો

સુરત

ઉધના બીઆરસી પાસે રામકુટીર નજીક આવેલ ગુડલક મોબાઈલક દુકાનમાં તસ્કરોએ ફુલગુલાબી ઠંડીનો લાભ લઈને રાત્રિ દરમ્યાન શટર ઉંચુ કરીને અંદરથી મોબાઈલ તેમજ રોકડ રકમની ચોરી કરી નાસી ગયા હતા. આ બનાવ અંગે ઉધના પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉધના બીઆરસી નજીક રામકુટીર ચીકુવાડી પાસે આવેલ ગુડલક મોબાઈલ દુકાનમાં મોડી રાત્રે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. દુકાનનું શટર ઉંચુ કરીને તસ્કરો દુકાનમાં પ્રવેશીને સીસીટીવી કેમેરાને વાળી દઈ અંદરથી મોબાઈલ ફોન તેમજ રોકડ રકમની ચોરી કરી હતી. આ સમગ્ર ઘટના બાજુમાં આવેલ દુકાનના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ હતી. આજે સવારે શટર ઉંચુ થયેલુ અને અંદર ચોરી થઈ હોવાની જાણ ઉધના પોલીસને કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લાની સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ:

વલસાડ

વલસાડ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.આર.ખરસાણે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને બહુમાળી મકાનમાં આવેલી સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જયાં રોજે - રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવ્યા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરીને કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતાં અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર તાત્કાલિક અસરથી તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.





ભરૂચ ખાતે મનકી બાત અંતર્ગત રથ આવી પહોંચતા સ્વાગત કરાયું





ભરૂચ ખાતે ગુરુવાર સવારે ભારત કે મન કી બાત રથનું શ્રવણ ચોકડી પર સ્વાગત કરાયું હતું

ભાજપે ભારત કે મન કી બાત, મોદી કે સાથ અભિયાન શરૂ કર્યું છે.જેના ભારરૂપે ગુરુવારે સવારે ભરૂચ લોકસભાનો મનકી બાતનો રથ શ્રવણ ચોકડી આવી પહોંચતા ભાજપના આગેવાનો તથા કાર્યકરોએ સ્વાગત કર્યું હતું. રથ શહેરના શક્તિનાથ, પાંચબત્તી, વેજલપુર ,કોઠી ,સોનેરી મહેલ, સ્ટેશન ,કસક થઈને ઝાડેશ્વર સહિતના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. ભારત કે મન કી બાત અંતર્ગત લોકો પોતાના વિચારો અને સૂચનો અલગ અલગ માધ્યમો દ્વારા રજૂ કરીને રથની સૂચન પેટીમાં નાખ્યા હતા.યાત્રામાં ભાજપ જિલ્લા મહામંત્રી ધર્મેશ ભટ્ટ, શહેર પ્રમુખ મહેન્દ્ર કંસારા, પાલિકા પ્રમુખ સુરભી તમાકુવાલા, પાલિકા સભ્ય મારૂતિસિંહ અટોદરિયા, દિવ્યેશ પટેલ, ભારતી પટેલ, જીગ્નેશ મિસ્ત્રી, નરેશ સુથારવાલા, નીના યાદવ સહિત મોટી સંખ્યમાં કાર્યકરો હાજર રહ્યા

નર્મદા જીલ્લામાં ગરીબકલ્યાણ મેળામાં અપાયેલા સિલાઈ મશીનો શોભાના ગાંઠિયા સમાન..? સરકાર ની ભૂલ કે જેતે એજન્સીની..?!

સરકારે જાણે ગરીબ લાભાર્થીઓની મજાક ઉડાડી હોય મશીનો મુકવાના પાટિયા બંધબેસતા નથી, જયારે ફોલ સ્ટીચ ના બદલે ઓવરલુક ના મશીન આપ્યા જે મહિલાઓને કોઈ કામ લાગે તેમ નથી

એક સિલાઈ મશીન અને એક ઓવરલૂકનું મશીન આપ્યું પરંતુ બે વચ્ચે એકજ મોટર અને ફિટિંગ બાબતે મહિલાઓને કોઈ જાણકારી ન આપતા અભરાઈ પર ચઢવવાની નોબત



રાજપીપળા : રાજય સરકાર વારંવાર ગરીબો માટે નવી નવી યોજનાઓ લાવે છે પરંતુ તેનો યોગ્ય અમલ નથી થતો કે યોગ્ય વસ્તુ લાભાર્થીઓ સુધી પહોંચતી નથી જેમાં વચેટિયાઓ પોતાના લાભ મેળવી લેતા હોય અથવા એજન્સી ચૂનો લગાવતી હોય છે. ટૂંક સમય પહેલાજ નર્મદા જિલ્લાનો ગરીબકલ્યાણ મેળો રાજપીપળા ખાતે યોજાયો જેમાં ઘણી વસ્તુઓ લાભાર્થીઓને આપી પંતુ અમુક વસ્તુ પૈકી ઘર બેઠા સિલાઈ કામ કરી આવક ઉભી કરવાની આશાએ મેળવેલા સિલાઈ મશીનો આપ્યા તો ખરા પરંતુ એ શોભાના ગાંઠિયા સમાન હોય એમ જાણે સરકારે ગરીબોની ઠેકડી ઉડાડી પોતાની કામગીરી દેખાડવા દરેક જિલ્લાઓમાં લાભો આપી પ્રસ્થિ મેળવી હોય એમ રાજપીપળા ખાતે અપાયેલા સિલાઈ મશીનોમાં ફૂલ શટર ના મશીનોમાં હાફ શટર ના પાટિયા આપ્યા હોય એમાં મશીનો બેસતાજ નથી અને બજારમાં એ પાટિયા મળતા પણ નથી જયારે સિલાઈ મશીન સાથે અપાયેલ અન્ય મશીન ઓવરલુકનું આપ્યું હોય જે ફક્ત પેન્ટ શર્ટ શીવતા દરજીઓનેજ ચાલે એમ છે અને એ મશીન પર ફોલ સ્ટીચ થાય એમ પણ નથી સાથે બે મશીનો વચ્ચે મોટર અને બેઠક માટેનું એકજ પાટિયું આપ્યું એ ફૂલ શટર ના મશીનની બેઠક કરતા નાના માપનું હોય બંને મશીનો મોટાભાગના લાભાર્થીઓએ અભરાઈ પર ચઢાવવાની નોબત આવી છે જયારે કોઈ કામ ન લાગે એવા આ મશીનો કેટલાકે અન્ય લોકોને વેચી રોકડી પણ કરી હશે, કલાકો લાઈનમાં ઉભા રહી ધક્કે ચઢી મેળવેલા આ મશીનો શોભાના ગાંઠિયા સમાન નીકળતા લોકોએ સરકાર પર રોષ ઠાલવ્યો હતો આમ સરકારે ગરીબ કલ્યાણમેળામાં ગરીબોની મજાક ઉડાડી હોય એમ લોકોમાં ચર્ચાઈ રહ્યું હતું .

આ દરજી કામની કીટ આપેલી છે : હેમંત મોરે

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર હેમંત મોરે એ આ બાબતે જણાવ્યું કે આ દરજી કામની કીટ આપેલી છે જેમાં એક સિલાઈ મશીન અને એક ઓવરલુક મશીન છે અને પાટિયું નાની બેઠકનું આવ્યું એવી કોઈ ફરિયાદ મારી પાસે આવી નથી છતાં હું ઉપર પૂછી લઉં છું .

કોસંબામાંની સ્ટેટ મોનીટરિંગ સેલે દારૂ ભરેલી કાર ઝડપી પાડી

દારૂ મળી રૂા.૩.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત

કોસંબાના તરસાડી ગામની સીમમાં પંડવઈ સુગર રોડ પર શિવ ચેમ્બર્સ એપાર્ટમેન્ટ સામે કુલ્લી જગ્યામાંથી સ્ટેટ મોનીટરિંગ સેલે દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપી પાડી હતી.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગાંધીનગરની સ્ટેટ મોનીટરિંગ સેલે બાતમીના આધારે કોસંબા તાલુકાના તરસાડી ગામની સીમમાં આવેલા પંડવાઈ સુગર રોડ પર શિવ ચેમ્બર્સ એપાર્ટમેન્ટની સામે ખુલ્લી જગ્યામાંથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર નંબર જીજે-૫-સીઈ-૫૪૯૧ને ઝડપી પાડી હતી. પોલીસે કારમાંથી રૂા.૧,૩૮૦૦૦ની કિંમતનો ૨૧ પેટી વિદેશી દારૂ અને કાર મળી કુલ રા.ઉ.૮૮નો મુદ્દામાલ કબજે કરી કોસંબા પોલીસ મથકમાં બુટલેગર ગણેશ ઉર્ફે દેવો ભુરાભાઈ વસાવા રહે. લોધર ચાલ તરસાડી દાદરી તા.માંગોરળ સુરત વિરૂદ્ધ પ્રોહિબીશનની ફરિયાદ નોંધાવતા પીએસાઈ પી.એચ. નાયીએ વધુ તપાસ શરૂ કરી હતી.

વાલીયા ખાતે પૈસાની ઉઘરાણી કરવા આવેલ સુરતના આધેડનું પાંચ જેટલા ઈસમોએ માર મારતા મોત

સુરતના કનુ રાદડીયા વાલિયા ખાતે બાકી નીકળતા ૧૫ લાખ લેવા આવ્યા હતા.વાલિયાની પાયલ સર્વિસ સ્ટેશનના સંચાલક સહીત અન્ય ૪ ઈસમોએ માર મારતા સુરત ખાતે સારવાર દરમ્યાન મોત નીપજ્યું.



વાલિયાના પાયલ સર્વિસ સ્ટેશનના સંચાલક પાસે બાકી નીકળતા નાણાંની ઉઘરાણી કરવા આવેલ ઈસમને મળતીયાઓ સાથે મળી ઢોર મારતા ઘાયલ આધેડને સારવાર અર્થે ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન સુરત ખાતે કરૂણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના વરાછા વિસ્તારની વ્રજરાજ રેસીડેન્સીમાં રહેતા ૫૦ વર્ષીય કનુ જેરામ રાદડીયા ગત રોજ વાલિયાની સીલુંડી ચોકડી પાસે આવેલ પાયલ સર્વિસ સ્ટેશનના સંચાલક ઉપીન ડોડીયા પાસે બાકી નીકળતા ૧૫ લાખની રકમ લેવા આવ્યા હતા.

દરમિયાન સર્વિસ સ્ટેશનના સંચાલક અને અન્ય ચાર ઈસમોએ ઉશ્કેરાઈ જઈ લેણદાર ઉપર લાકડી અને મારક હથિયારો સાથે તૂટી પડી ઢીકા પાટુનો મારમારી તેને જબરદસ્તી ઝેરી દવા પીવડાવી દીધી હતી. બાદમાં હુમલાખોરો પાસેથી ભાગી કનુભાઈ મુખ્ય માર્ગ પર આવી ગયા હતા. જયાં તેઓએ તાત્કાલિક ૧૦૮ સેવાને જાણ કરતા તેઓને પ્રથમ સારવાર અર્થે વાલિયાની સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે ભરૂચ તેમજ સુરતની આયુષી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં ટુકી સારવાર બાદ તેઓનું કરૂણ મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે વાલિયા પોલીસે હત્યા અંગેનો ગુનો નોંધી તમામ હત્યારાઓને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.







